પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૮-૦૧-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રશિયા પર ૫૦૦ ટકા ટેરિફ બિલને ટ્રમ્પે મંજૂરી આપી

## રશિયા વિરુદ્ધ કડક પ્રતિબંધો લાગુ કરતા બિલમાં ભારત, ચીન, અને બ્રાઝિલ પર ૫૦૦ ટકા સુધી ટેરિફ લગાવવાની જોગવાઈ

નવી દિલ્હી, તા. ૦૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા વિરુદ્ધ કડક પ્રતિબંધો સંબંધિત એક બિલને મંજૂરી આપી દીધી છે. ઈકોનોમિક ટાઈમ્સ અનુસાર, આ બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો, ખાસ કરીને ભારત, ચીન અને બ્રાઝિલ પર ૫૦૦% સુધી ટેરિફ લગાવવાની જોગવાઈ છે.

રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામએ જણાવ્યું કે બુધવારે વ્હાઈટ હાઉસમાં તેમની ટ્રમ્પ સાથે મુલાકાત થઈ, જેમાં રાષ્ટ્રપતિએ બિલને લીલી ઝંડી આપી દીધી. આ બિલ છેલ્લા ઘણા મહિનાઓથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું. તેને આવતા અઠવાડિયે સંસદમાં વોટિંગ માટે લાવવામાં આવી શકે છે.

આ બિલનું નામ 'સેન્કશનિંગ ઓફ રશિયા એક્ટ ૨૦૨૫' છે. તેનો હેતુ એવા દેશો પર દબાણ બનાવવાનો છે, જે યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યા છે. અમેરિકાનો આરોપ છે કે તેનાથી



રશિયાને યુદ્ધ લડવામાં મદદ મળી રહી છે. અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર પહેલેથી જ ૨૫% વધારાનો ટેરિફ લગાવ્યો છે. જો આ બિલ પસાર થશે તો દિલ્હી માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. અત્યાર સુધીમાં ભારત પર કુલ ૫૦% ટેરિફ લાગુ થઈ ચૂક્યો છે. આના કારણે ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેની અસર ભારતના નિકાસ પર પડી રહી છે. બંને દેશો વચ્ચે ટેરિફ વિવાદનો ઉકેલ લાવવા માટે ટ્રેડ ડીલ પર વાતચીત પણ ચાલી રહી છે. ભારત ઈચ્છે છે કે તેના પર લાદવામાં આવેલી કુલ ૫૦% ટેરિફ ઘટાડીને ૧૫% કરવામાં આવે અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર જે વધારાની ૨૫% પેનલ્ટી લગાવવામાં આવી છે, તેને સંપૂર્ણપણે ખતમ કરવામાં આવે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી આ વાટાઘાટોથી નવા વર્ષમાં કોઈ નક્કર નિર્ણય આવવાની આશા છે.

# અમેરિકામાં અધિકારીએ કારમાં સવાર મહિલાને ગોળી મારી દીધી

### ટ્રમ્પે ઘટનાની ટીકા કરી અધિકારીનો બચાવ કર્યો

નવી દિલ્હી, તા. ૦૮

અમેરિકાના મિનિયાપોલિસ શહેરમાં બુધવારે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના એક એજન્ટે કારમાં સવાર મહિલાને ગોળી મારી દીધી, જેનાથી તેનું મોત થયું. મહિલાની ઓળખ રેની ગુડ (૩૭) તરીકે થઈ છે. તે ત્રણ બાળકોની માતા હતી.

અમેરિકન ગૃહ સુરક્ષા વિભાગ (DHS) મુજબ મહિલાએ અધિકારીઓને કારથી ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો, જેના પછી એજન્ટે કાર્યવાહી કરી.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ICE એજન્ટનો બચાવ કર્યો છે. તેમણે દાવો કર્યો કે મહિલાએ જાણીજોઈને અધિકારીને નિશાન બનાવ્યા. શૂટિંગના વીડિયો પર પ્રતિક્રિયા આપતા ટ્રમ્પે કહ્યું, "વીડિયો ખૂબ જ ભયાનક છે."

ઘટનાના તરત જ પછી સેંકડો લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા અને ICE વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા. સાંજ સુધી ત્યાં શ્રદ્ધાંજલિ સભા (વિજિલ) પણ થઈ, જેમાં લોકોએ ઈમિગ્રેશન એજન્સીઓનો વિરોધ કર્યો.

હોમલેન્ડ સિક્યુરિટી સચિવ ક્રિસ્ટી નોએમે દાવો કર્યો કે મહિલાએ અધિકારીઓને ગાડીથી કચડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આ ઘટનાને ICE અધિકારીઓ પર થયેલો "ઘરેલું આતંકવાદી હુમલો" ગણાવ્યો.

જોકે, મિનેસોટાના મેયર જેકબ

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશમાં ચૂંટણી પૂર્વે બીએનપી નેતાની હત્યા

### મૃતકના પરિજનો દ્વારા યુનુસ પર ચૂંટણી ટાળવા હત્યાનો આરોપ

ઢાંકા, તા. ૦૮

બાંગ્લાદેશમાં યુવા નેતા ઉસ્માન હાદીની હત્યા બાદથી જ ચૂંટણી પહેલા રાજનીતિક હિંસા ચાલુ છે. બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી (બીએનપી)ની સ્વયંસેવી શાખા સ્વેચ્છા સેવક દળના નેતા અજીજુર રહેમાન મુસબ્બીરની મંગળવારે રાત્રે અજાણ્યા હુમલાખોરોએ હત્યા કરી પલાયન થઈ ગયા હતા.

બાંગ્લાદેશમાં આગામી ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણી પહેલા હિંસા વધવાથી મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકાર પર સવાલો ઉઠવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે ઉસ્માન હાદીના પરિવારજનોએ પણ યુનુસ પર ચૂંટણીઓ ટાળવા માટે હત્યાનો આરોપ લગાવાયો હતો.

અહેવાલો મુસબ્બીર પર

અનુસંધાન પાના ૭ પર

# જેએનયુમાં વાંધાજનક સુત્રોચ્ચાર અંગે પોલીસ ફરિયાદ દાખલ

### ઉશ્કેરણી જનક કૃત્યુ અંગે ૩૦થી ૩૫ વિદ્યાર્થીઓ વિરુદ્ધ ગુનો દાખલ

નવી દિલ્હી, તા. ૦૮

દિલ્હી પોલીસે બુધવારે રાત્રે દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (ત્નદ્રં)માં સાબરમતી હોસ્ટેલની બહાર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ લગાવવામાં આવેલા વિવાદાસ્પદ નારાના મામલે ત્ર્ૈંઇ નોંધી. ફરિયાદ ત્નદ્રં ના મુખ્ય સુરક્ષા અધિકારી (CSO) દ્વારા નોંધાવવામાં આવી હતી.

રિપોર્ટમાં જણાવાયું છે કે ઘટનાસ્થળે ૩૦-૩૫ વિદ્યાર્થીઓ હાજર હતા. શરૂઆતમાં કાર્યક્રમ શાંતિપૂર્ણ હતો, પરંતુ ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન ન મળતા ઉશ્કેરણીજનક નારા લગાવવામાં આવ્યા. આ બંને ૨૦૨૦ ના દિલ્હી રમખાણોના ષડયંત્ર કેસમાં આરોપી છે. CSOએ કેટલાક વિદ્યાર્થીઓની ઓળખ પણ કરી છે. ખરેખરમાં, ૬ જાન્યુઆરીએ ૩૫ સેકન્ડનો એક વીડિયો વાયરલ થયો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે JNU ના વિદ્યાર્થીઓએ ૫ જાન્યુઆરીની રાત્રે 'મોદી-શાહની કબર ખોદાશે, ત્નદ્રં ની ધરતી પર' ના નારા લગાવ્યા હતા. JNU પ્રબંધને પણ આ મામલે FIR ની માંગ કરી હતી. BJP પ્રવક્તા પ્રદીપ ભંડારીએ દાવો કર્યો હતો કે ત્નદ્રં માં આ પ્રદર્શન ઉમર ખાલિદ-શરજીલના સમર્થનમાં થયું હતું. આ વિરોધ પ્રદર્શન નહી, પરંતુ

અનુસંધાન પાના ૭ પર



# સુરત મહાનગર પાલિકા વિરુદ્ધ કામદાર યુનિયનો આંદોલન કરશે

## તા.૨૧મીએ ધરણા અને ૨૭મીએ રેલીનું આયોજન

સુરત, તા.૮

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળના હોદ્દેદારોની એક અગત્યની મીટીંગ આજરોજ યુનિયન અગ્રણી શ્રી ભાઈલાલભાઈ વૈષ્ણવના પ્રમુખસ્થાને મળી હતી.જેમાં સુરત મહાનગરપાલિકામાં કાર્યરત યુનિયનો સામે ડેપ્યુટી કમિશનર ડેપ્યુટેશન મેડમ નિધિ સીવાચ દ્વારા,યુનિયનો સામે ખોટી રીતે જે કાર્યવાહીઓ કરવામાં આવી રહેલ છે, તે સામે વિવિધ કાર્યક્રમો આપવાનું નક્કી કરવામાં આવેલ છે.જે મુજબ તારીખ ૮/૧/૨૦૨૬ ના રોજ નાયબ શ્રમ આયુક્ત શ્રી એમ. સી.કારિયાને રૂબરૂ મળીને પ્રતિનિધિમંડળ રજૂઆત કરશે. ત્યારબાદ તારીખ ૨૧/૧/૨૦૨૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના પ્રવેશ દ્વાર પાસે યુનિયનના હોદ્દેદારો,કારોબારી સભ્ય વિગેરે એક દિવસના ધરણા મહામંડળના નેજા હેઠળ કરશે.તેમજ તારીખ ૨૭/૧/૨૦૨૬ ના રોજ કામદારોની રેલી કાઢીને કલેકટર શ્રીને આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.આજની આ સભામાં યુનિયનોનાઅગ્રણી શ્રી વિજયભાઈ શેનમારે, ભાઈલાલભાઈ વૈષ્ણવ, શશીકાંત સોલંકી,મોહમ્મદ ઈકબાલ શેખ,અર્જુન વિરાસ, દેવેન્દ્ર પ્રજાપતિ, મહેશ પટેલ, ભરત ઓલપાડી વિગેરે હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

# ટ્રેડ યુનિયનોનું તા.૯મીએ દિલ્હી ખાતે રાષ્ટ્રીય સંમેલન મળશે

## નવા ચાર લેબરકોડના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી હડતાળનુ એલાન થશે

સુરત, તા.૮

સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલના પ્રમુખ વિજય શેણમારેએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, દેશમાં ૨૧મી નવેમ્બરથી કેન્દ્ર સરકાર ધ્વારા નવા ચાર લેબરકોડ લાગુ કરી દેતા દેશના ૫૦ કરોડ શ્રમજીઓમાં ભારે રોષ ફેલાયો છે. નવા લેબર કોડ કામદાર/કર્મચારીઓના હિત વિરોધી છે. કેન્દ્ર સરકારની કામદાર/ કર્મચારી વિરોધી નીતિના વિરોધમાં તથા કોર્પોરેટ પુંજીપતિઓના લાભ માટે લાગુ કરવામાં આવી છે. જેના વિરોધમાં દેશના ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો અને વિવિધ ફેડરેશનોના નેજા હેઠળ રાષ્ટ્રીય સંમેલન ૯મી જાન્યુઆરીના રોજ બપોરે ૨-૦ કલાકે સુરજિત ભવન, કોમરેડ ઈન્દ્રજીત ગુપ્તા માર્ગ, દિલ્હી ખાતે યોજવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકારના નવા ચાર લેબર કોડને રદ કરવા ઠરાવ પસાર કરવામાં આવશે તથા રાષ્ટ્રવ્યાપી કામદારોની હડતાળની તારીખ જાહેર કરવામાં આવશે.

આ રાષ્ટ્રવ્યાપી સંમેલનમાં રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનો ઈન્ટુક, આઈટુક, સીટુ, એચએમએસ સહિતના વિવિધ ફેડરેશનો બેંક,એલ આઈસી, રેલ્વે જેવા પબ્લિક સેક્ટરોના ટ્રેડ યુનિયનોના આગેવાનો, પ્રતિનિધિઓ ગુજરાતમાંથી ભાગ લેવા જઈ રહ્યા છે.



# વિકસિત ભારત રોજગાર અને આત્મનિર્ભર મિશન ગ્રામિણ યોજનાથી ગામડાનો વિકાસ થશે: પરેશ પટેલ

## વિકસિત ભારત–રોજગાર અને આત્મનિર્ભર ગ્રામિણ અભિયાન : VB-G RAM-G યોજના પારદર્શિતા અને વિકાસનું ઉત્તમ ઉદાહરણ:શહેર અધ્યક્ષ પરેશ પટેલ

સુરત, તા.૮

મનરેગા નું નામ બદલી ને VB-G RAM-G (વિકસિત ભારત–રોજગાર અને આત્મનિર્ભર મિશન – ગ્રામિણ)કરવા ના કેન્દ્ર સરકાર ના નિર્ણય ના કોંગ્રેસ દ્વારા વિરોધ ને લઈ ને આજે ભારતીય જનતા પાર્ટી સુરત શહેર દ્વારા એક પત્રકાર પરિષદ શહેર અધ્યક્ષ પરેશ પટેલ ની અધ્યક્ષતા માં યોજવામાં આવી હતી.

જેમાં મહામંત્રી કિશોર બિન્દલ, કાળુંભાઈ ભીમનાથ, ધારાસભ્ય પૂર્ણેશ મોદી, ધારાસભ્ય અરવિંદ રાણા,મેયર દક્ષેશ માવાણી ની હાજરી માં ભાજપ ના શહેર અધ્યક્ષ પરેશ ભાઈ પટેલ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદ માં આકરા પ્રહારો કરતા ભાજપ ના સુરત શહેર ના અધ્યક્ષ પરેશ પટેલ એ પત્રકારો ને સંબોધતા જણાવ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દેશને વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાના સંકલ્પ સાથે સતત કામ કરી રહી છે. આ દિશામાં VB-G RAM-G (વિકસિત ભારત–રોજગાર અને આત્મનિર્ભર મિશન – ગ્રામિણ) યોજના એક મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી પગલું છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની કોઈ પણ યોજનાનું નામ પોતાના નામે ન રાખી, તેને જનસેવા અને જનહિત સાથે જોડવાની પરંપરા સ્થાપી છે. રાજભવનને લોકભવન, રાજપથને કર્તવ્ય પથ, પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ને સેવા તીર્થ તરીકે ઓળખ અપાઈ છે, જે સરકારની લોકકેન્દ્રિત વિચારધારાનું પ્રતિબિંબ છે. VB-G RAM-G યોજનામાં GPS, મોબાઈલ આધારિત મોનિટરિંગ, બાયોમેટ્રિક અને AI ટેકનોલોજીનો ઉપયોગ કરીને રિયલ-ટાઈમ ડેટા અપલોડ થાય છે, જેથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે ભ્રષ્ટાચારની શક્યતા રહેતી નથી. મનરેગામાં ૧૫ દિવસમાં એકવાર વેતન ચૂકવવાની વ્યવસ્થા છે જ્યારે આ યોજના માં ડાયરેક્ટ DBT તથા UPI દ્વારા દર સાત દિવસ માં સીધી બેન્ક ખાતામાં રકમ જમા થાય છે. કેટલાક રાજકીય પક્ષો ખાસ કરીને કોંગ્રેસ દ્વારા આ યોજના અંગે દેશ ના લોકો ને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જ્યારે હકીકત એ છે કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ૬૦૦ થી વધુ સંસ્થાઓ, યોજનાઓ અને પુરસ્કારો ગાંધી પરિવારના નામે રાખવામાં આવ્યા હતા, અહીં સુધી કે ભારત રત્ન પુરસ્કાર પણ રાજીવ ગાંધીના નામે અપાયો હતો. ત્યારે VB-G RAM-G યોજના માં કામગીરી નું વિસ્તરણ કરવામાં આવ્યુ છે જેમાં ગ્રામિણ વિસ્તારોમાં રોજગાર સર્જન આત્મનિર્ભરતા MSME અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આધુનિક ખેતી, પશુપાલન, ફૂડ પ્રોસેસિંગ,જમીન માં પાણી રિચાર્જ કરી પાણી ના તળ ઊંચા કરવા, ઉદ્યોગસાહસિકતા વિકાસ જેવા ક્ષેત્રો ને પણ આવરી લેવામાં આવ્યો છે અને તેના થી ગામડા નો વ્યાપક વિકાસ થઈ રહ્યો છે. મનરેગા અંતર્ગત ૧૦૦ દિવસની ગેરંટી રોજગાર સાથે ૧૨૫ દિવસ કામની તક પણ ઉપલબ્ધ છે.વધુ માં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન ભારત, ઉજ્જવલા યોજના, મુદ્રા યોજના જેવી અનેક યોજનાઓ દ્વારા કરોડો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ તમામ યોજનાઓ માનવ ગૌરવ અને આત્મસન્માનને કેન્દ્રમાં રાખી અમલમાં મૂકાઈ રહી છે. VB-G RAM-G યોજના માત્ર એક યોજના નથી, પરંતુ વિકસિત ભારત, રોજગાર સર્જન અને આત્મનિર્ભર ગ્રામિણ ભારતનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં એક મજબૂત પાયો છે એમ તેમણે જણાવ્યું હતું આ સમગ્ર પરિષદ નો કાર્યક્રમ ની વ્યવસ્થા પક્ષ ના મીડિયા ટીમના શૈલેષભાઈ શુકલ, કલ્પેશભાઈ મહેતા,દીપિકા બેન ચાવડા, અને મીડિયા ના પ્રદેશ ના ભાવેશભાઈ ત્રિવેદી દ્વારા વ્યવસ્થા કરવામા આવી હતી.

# ઘર છોડીને સુરત આવેલી ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનું પરિવાર સાથે પુન:મિલન

## સખીવન સ્ટોપ સેન્ટર વિદ્યાર્થીનીની મદદે આવ્યું

સુરત, તા.૮

હાલના ઝડપી યુગમાં શિક્ષણક્ષેત્રે વધતી હરિફાઈ અને અભ્યાસના અતિશય દબાણના કારણે બાળકોમાં માનસિક તણાવ તથા ચિંતા સતત વધી રહી છે. માતા-પિતા દ્વારા ગુજરાતી માધ્યમને બદલે અંગ્રેજી માધ્યમમાં તથા સામાન્ય પ્રવાહને બદલે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે બાળકો પર દબાણ કરવામાં આવતું હોય છે. જેના કારણે અનેક બાળકો માનસિક રીતે અસ્થિર બની જાય છે. આવો જ એક ચેતવણીરૂપ કિસ્સો તાજેતરમાં સખી વન સ્ટોપ સેન્ટર-સુરત ખાતે સામે આવ્યો હતો.

નવસારી જિલ્લાના એક પરિવારની ધો.૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પરીક્ષામાં નાપાસ થવાની ડરથી સતત તણાવમાં રહેતી હતી. રાત્રિ દરમિયાન વારંવાર તેને નાપાસ થવાના સપનાઓ આવતાં હતા. સુરતના બ્રહ્માકુમારી આશ્રમમાં રહેવાના વિષે સતત વિચારો આવતાં હતા. આ ભય અને આત્મવિશ્વાસના અભાવે દીકરી કોઈ વિચારવિમર્શ કર્યા વિના સપનામાં દેખાયેલ બ્રહ્માકુમારી આશ્રમમાં રહેવાના ઉદ્દેશથી નવસારીથી સુરત આવી હતી.

સુરત આવ્યા બાદ 'શું કરવું અને શું ન કરવું' તેની સમજ ન હોવાથી દીકરીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો. ૧૮૧ની ટીમ દ્વારા દીકરીને સુરક્ષિત આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટર-સુરત ખાતે લાવી દીકરીને સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો. સાથે સહાનુભૂતિ અને લાગણીસભર વાતાવરણ પૂરૂં પાડવામાં આવ્યું તથા સેન્ટરના સ્ટાફ દ્વારા સહજ રીતે કાઉન્સેલિંગ કરી દીકરીને સમજાવવામાં આવ્યું કે, કોઈપણ કાર્યમાં સફળતા માટે આત્મવિશ્વાસ અત્યંત જરૂરી છે. પરીક્ષામાં સફળ થવા માટે નિષ્ઠાપૂર્વક મહેનત કરવી જરૂરી છે અને સકારાત્મક વિચારધારા રાખવાથી સફળતા અવશ્ય મળે છે. નકારાત્મક વિચારો મનમાં ન લાવવાની સમજ આપવામાં આવી. દીકરીના માતા-પિતાનો સંપર્ક પણ કરવામાં આવ્યો. સેન્ટરના સ્ટાફ દ્વારા માતા-પિતાને સમજ અપાઈ કે, બાળકો પર અભ્યાસ બાબતે કોઈપણ પ્રકારનું દબાણ ન કરવું જોઈએ. તેમના ભણતર સંબંધિત નિર્ણય લેવા માટે તેમને સ્વતંત્રતા આપવી જોઈએ. દરેક બાળકની બુદ્ધિક્ષમતા અલગ હોય છે, તથા બાળકોને એકબીજા સાથે સરખાવવા યોગ્ય નથી. દરેક બાળક કોઈને કોઈ પ્રવૃત્તિમાં વિશેષ ક્ષમતા ધરાવતું હોય છે. સુરત સખી વન સ્ટોપ

અનુસંધાન પાના ૭ પર

# નાયબ મુખ્યમંત્રી સંઘવીના જન્મદિને મહારક્તદાન શિબિર

## આજે સાંજ સુધી કેમ્પમાં રક્તદાન કરી શકાશે

સુરત, તા.૮

સી. બી. ભંડારી સરસ્વતી વિદ્યાભવન સ્કૂલ ટ્રસ્ટ, મગદલ્લા, સુરતના પ્રમુખશ્રી મહેશભાઈ બી. પટેલ દ્વારા જણાવવામાં આવે છે કે સ્વતંત્ર ભારતના યુવા નાયબ મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર ગુજરાત અને દેશના યુવા હૃદય સમ્રાટ આદરણીય શ્રી હર્ષભાઈ સંઘવીજીના ૪૧ માં જન્મદિવસે ગુરુવાર, તા. ૦૮/૦૧/૨૦૨૬ ના રોજ સુરત રક્તદાન કેન્દ્રનાં સહયોગથી સરસ્વતી વિદ્યાભવન સ્કૂલ, મગદલ્લા, સુરત ખાતે સવારે ૧૦ થી સાંજે ૪ સુધી મહા રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ છે જેમાં શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સ્વૈચ્છિક રકતદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કરીને ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીના જન્મદિવસને સાર્થક બનાવવા અત્રેથી અપીલ કરવામાં આવે છે.

# ઓલપાડના દેલાડ ગામ ખાતેથી શ્રમિક મૃત હાલતમાં મળી આવ્યો

સુરત, તા.૮

મુળ ઓરીસ્સા રાજ્યના ગંજામ જિલ્લાનો શ્રમિક કાન્હુચરણ પ્રફુલ ગૌડા(ઉ.વ.૩૨)હાલ માં દેલાડ ગામની સીમમાં ગોલ્ડન ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ હરમન ટેક્ષટાઈલ્સ નામની કંપનીના રૂમમાં રહી ત્યાં કામ કરતો હતો.તે છેલ્લા એકાદ વર્ષથી ટી.બી.ની બિમારીથી પિડાતો હોવાથી તેની દવા ચાલુ હતી.કાન્હુચરણ ગૌડા છેલ્લા બે દિવસથી વધુ બિમાર હોવાની આશંકા વચ્ચે કોઈ અગમ્ય કારણસર ગત મંગળવાર,તા.૦૬ ના રોજ તે રાત્રે-૧૦:૦૦ કલાકના સુમારે તેની રૂમમાંથી મૃત હાલતમાં મળી આવ્યો હતો.આ બાબતે મૃતકના મોટાભાઈ હરસિકેશ ગૌડાએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ અ.હે.કો.વિક્રમ વર્ધાજી કરી રહ્યા છે.

# રાજનીતિનું ગણિત માત્ર રાજનીતિ દ્વારા નથી ચાલતુ : લેખક શીલ ભટ્ટ



## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત 'રાજનીતિનું ગણિત' વિષે કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત મંગળવાર, તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રાજનીતિનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં નવી દિલ્હીના વરિષ્ઠ પત્રકાર અને લેખક શ્રીમતી શીલાબેન ભટ્ટે રાજનીતિનું ગણિત અને તેના વિવિધ પાસાઓ વિષે સમજણ આપી હતી.

શ્રીમતી શીલાબેન ભટ્ટે જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલા રાજનીતિનું ગણિત સૌથી હાઈએસ્ટ હોય છે. ચૂંટણીમાં ઉમેદવારને સિલેકટ કરવાની પ્રક્રિયા જ રાજનીતિ છે. ચૂંટણીમાં ટિકિટ મેળવવી એ જ રાજનીતિ છે એમ પણ કહી શકાય. રાજનીતિમાં સત્તા મેળવવી અઘરી નથી પણ તેને ટકાવી રાખવી અઘરી હોય છે. સરકારને સ્થિર અને ટકાવી રાખી શકે એવા જ ઉમેદવારને ટિકીટ આપવી જોઈએ.

તેમણે વડાપ્રધાનશ્રીને ટાંકતા કહયું હતું કે, શ્રી નરેન્દ્ર મોદી ચૂંટણીના ગણિતને સારી રીતે સમજ્યા છે, જેના કારણે જ તેઓની સત્તા સ્થિર છે. સમગ્ર દેશમાં વર્ચસ્વ જમાવનાર પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધી વિષે પણ તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં તેમણે કહયું કે, દેશમાં રાજ્યના મુખ્યમંત્રીઓ પણ સ્વતંત્ર રીતે ખૂબ પાવરફૂલ હોય છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ પશ્ચિમ બંગાળ છે. ભારતમાં સરકાર બનાવવી હોય તો ઉત્તર પ્રદેશ અને બિહારમાં જીતવું પડે તેથી અત્યાર સુધી સાઉથના લોકો આ ફોર્મ્યુલાને ક્રેક કરી શક?યા નથી, જેની પાછળ સૌથી મોટું કારણ છે આ બે રાજ્યોની વસ્તી અને અન ઓર્ગેનાઈઝ્?ડ સીટોની વહેંચણી છે.

શ્રીમતી ભટ્ટે કહયું હતું કે, ગૃપીઝમ એ માનવીય પ્રકૃતિ છે, એ નેગેટીવ નથી. ગૃપીઝમ પણ રાજનીતિનું ગણિત છે, જેના આધારે ઘણી વ્યકિતઓને રાજયસભાની ટિકીટ મળી છે. રાજનીતિના ગણિતમાં વફાદારી પણ કામ આવી જાય છે. તેમણે કહયું કે, વોટર્સનું ગણિત પણ રાજનીતિ છે, પરંતુ રાજનીતિના વિવિધ ગણિત જાણ્યા બાદ પણ ઉમેદવારો કયારેક હારી જાય છે, કારણ કે રાજનીતિનું

અનુસંધાન પાના ૭ પર



# પ્રેસિડન્સી સિનિયર સિટીઝન્સ સભ્યો દ્વારા પુર્ણેશભાઈ મોદીનું સન્માન

સુરત, તા.૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫ મા જન્મદિવસ નિમિત્તે સુરત પશ્ચિમ વિભાગના ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદી દ્વારા ૭૫ બસમાં ૩૫૦૦ થી ૪૦૦૦ વડીલોને અંબાજી અને વડનગરના મંદિરની યાત્રા VIP સગવડ સાથે કરાવી હતી, તેના આભારદર્શનમાં આજરોજ તેમનું ઋણસ્વીકાર કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ તબક્કે પ્રેસિડન્સી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જેમનો જન્મદિવસ આ માસમાં આવતો હોય તેવા દરેક વડીલોને સ્મૃતિભેટ આપી સન્માનિત કરાયા હતા. તેમ જ વડીલો માટે સુરતની શાન પોંકપાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સૌને આવકાર્યા હતા. ટ્રસ્ટીવર્ય એન. એમ.કારિયાએ પ્રાસંગિક વાતો કરી હતી. આચાર્યા કુમારી દીપિકા શુક્લએ ગઝલ ગાઈને જીવનસંદેશો પાઠવ્યો હતો. પ્રકાશભાઈ ગજ્જરે વાચનાલયનો મહત્તમ ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

# તલગાજરડા ખાતે તા.૧૪મી રાજ્યના ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાશે

## ઓલપાડની કોબા પ્રાથમિક શાળાનાં આચાર્યને ચિત્રકૂટ એવોર્ડ દ્વારા સન્માનિત કરાશે

સુરત, તા.૮



ભાવનગરનાં મહુવા તાલુકાનાં તલગાજરડા ખાતે આગામી તા.૧૪મીનાં મોરારીબાપુ દ્વારા રાજ્યનાં ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. જેમાં ઓલપાડ તાલુકાની કોબા પ્રાથમિક શાળાનાં આચાર્ય ધર્મેન્દ્રકુમાર મગનભાઈ પટેલનો પણ સમાવેશ થાય છે.

પ્રતિવર્ષ ચિત્રકૂટ પારિતોષિકથી પુરસ્કૃત પ્રત્યેક શિક્ષકને રૂ.૨૫ હજારનો ચેક,કાળી કામળી,સૂત્રમાલા, રામનામી તેમજ સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવે છે.આ સાથે સીતારામ બાપુ અધેવાડા દ્વારા પણ પુરસ્કૃત શિક્ષકોને શાલ,સુંદરકાંડ પુસ્તકથી સન્માનિત કરવામાં આવે છે.આ વખતે કોબા પ્રાથમિક શાળાનાં આચાર્ય ધર્મેન્દ્રકુમાર પટેલની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.તેમને અગાઉ પણ તાલુકાથી લઈ રાષ્ટ્ર કક્ષાનાં અનેક એવોર્ડ મળી ચૂક્યા છે.જેમાં શિક્ષણ ક્ષેત્રે તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ,પર્યાવરણ ક્ષેત્રે પ્રકૃતિ સંરક્ષણ એવોર્ડ ઉપરાંત રમતગમત ક્ષેત્રે મેરેથોન તથા સાયકલિંગમાં વિવિધ એવોર્ડનો સમાવેશ થાય છે.

યુવાઓ માટે પ્રેરણાસ્રોત ભાંડુત ગામનાં વતની એવાં ધર્મેન્દ્રકુમારની ચિત્રકૂટ એવોર્ડ માટે પસંદગી થતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ,ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ,મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર,બીઆરસી કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ,સીઆરસી કો-ઓર્ડિનેટર રાકેશ પટેલ, કોબા ગામનાં સરપંચ દિલીપ પટેલ સહિત સમગ્ર ઓલપાડ તાલુકાનાં શિક્ષણગણ અને મિત્રમંડળે તેમને અભિનંદન પાઠવ્યા હતાં.એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# રાજ્ય કક્ષા સોફ્ટ ટેનિસમાં એરીક પરમારને ગોલ્ડ મેડલ

## અદ્વૈત વિદ્યાનિકેતનના વિદ્યાર્થીની સિદ્ધિ

સુરત, તા.૮

ખેલ મહાકુંભ અંતર્ગત લવ ઓલ ટેનિસ એકેડેમી, ભરૂચ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં અંડર–૧૭ બોયઝ કેટેગરીમાં અદ્વૈત વિદ્યાનિકેતન, ભરૂચના વિદ્યાર્થી એરીક કલ્પેશકુમાર પરમારે ઉત્કૃષ્ટ રમત પ્રદર્શન કરી સિંગલ્સ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સાથે ટીમ ઈવેન્ટમાં સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં વ્રજ પટેલ સાથે જોડાઈ એરીકે વધુ એક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી પોતાની રમતક્ષમતા સાબિત કરી છે. ઉલ્લેખનીય છે કે એરીકને જીમખાના, અંકલેશ્વર ખાતે કોચ વાજીદખાન પઠાણના માર્ગદર્શન હેઠળ નિયમિત તાલીમ મળી રહી છે સાથે નીરવભાઈ પટેલ (મીરાં ઓટો ગેરેજ, અંકલેશ્વર) તરફથી પ્રેરણા મળી રહે છે. એરીકના માતા–પિતા બન્ને ઝઘડિયા તાલુકામાં શિક્ષક તરીકે



અનુસંધાન પાના ૭ પર




# અંકલેશ્વરની શ્રી ગટ્ટુ વિદ્યાલય ખાતે 'વોટર વોરિયર્સ' કાર્યક્રમ

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર સ્થિત શ્રી ગટ્ટુ વિદ્યાલય ખાતે તા. ૦૬/૦૧/૨૦૨૬ના રોજ એશિયન પેઈન્ટ્સ લિમિટેડ દ્વારા 'વોટર વોરિયર્સ' નામના જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના CBSE વિભાગના ધોરણ ૬ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ ઉપસ્થિત રહેલ તજજ્ઞ શ્રી રોશનભાઈએ શાળા પરિસર તથા સમગ્ર અંકલેશ્વર વિસ્તારના પાણીના સ્ત્રોતો અંગે વિગતવાર માહિતી આપી. તેમણે પાણી સંરક્ષણ, પર્યાવરણીય જાગૃતિ અને જવાબદાર નાગરિકત્વ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. ઉપરાંત, અભ્યાસક્રમમાં સામેલ આધુનિક તકનીકી ઘટકો—જેમ કે હાઈડ્રોલોજિકલ મેપિંગ માટે ગૂગલ અર્થ અને રિમોટ સેન્સિંગ—વિશે સરળ અને અસરકારક સમજૂતી આપવામાં આવી. સત્રનું સમાપન ઈન્ટરેક્ટિવ મૂલ્યાંકન તથા વૈશ્વિક જળચક્ર અંગેના વ્યાપક દૃશ્ય સારાંશ સાથે કરવામાં આવ્યું. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પાણી સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વધુ મજબૂત બની.

# શ્રી દયાળજી બાપા પુણ્યતિથિ નિમિત્તે સર્વેરોગ નિદાન અને રક્તદાન કેમ્પ

## રક્તદાનથી મોટું કોઈ દાન નથી : તનય દેસાઈ

સુરત, તા.૮

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ સહયોગ થી અને દક્ષિણ ગુજરાત અનાવિલ યુવા સંગઠન(સગાયો)દ્વારા આયોજિત દયાળજી અનાવિલ કેળવણી દેસાઈ ચોકવાડી નાં આધાયાસ્થાપક દયાળજી બાપા ની પૂર્ણતિથી નિમિત્તે પ્રેક્ષા કિરીટકુમાર દેસાઈ પ્રયોજિત શાન નાં સહયોગ ચિત્રાંગ દેસાઈ ભવન,દયાળજી કેળવણી મંડળ દયાળજી દેસાઈ ચોક મજુરા ગેટ ખાતે સર્વે રોગનિદાન કેમ્પ બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યાં સુધી યોજાવામાં આવ્યો હતો. જેની અંદર આંખ,નાખ,કાન,ગળા, કેન્સર જેવી ગંભીર બીમારી નિદાન કેમ્પ યોજાયો હતો.આ કેમ્પ લાભ અનાવિલ સમાજ નાં લોકો મોટી સંખ્યા માં લીધો હતો.અને સાથોસાથ રક્તદાન મહાદાન આ સૂત્ર ને સાર્થક કરતાં અને સમગ્ર દેશની અંદર લોહી અછત સર્જાય રહી છે.અને બ્લડ વિના કોઈક નો જીવ પણ જાઈ શકે ત્યારે અનાવિલ સમાજ યુવાનો વડીલો નાં સાથ સહકાર થકી સાથોસાથ રક્તદાન કેમ્પ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ રક્તદાન કેમ્પ ની અંદર યુવાનો નો ભારે ઉત્સાહ જોવાં મળીયો હતો અને યુવાનો મોટી સંખ્યા માં રક્તદાન કર્યુ હતું.છેલ્લા



૩૫ વખત રક્તદાન કરી રહેલાં ઓલપાડ તાલુકા ખેડુત યુવા અગ્રણી અને અનાવિલ યુવા આગેવાન તનય દેસાઈ એ માહિતી આપતાં જણાવ્યું હતું કે રક્તદાન એ મહાદાન છે.રક્ત થી કોઈ મોટુ દાન નથી આપણે જે રક્ત કાર્ય છીએ તેનાથી કોઈક ની જિંદગી બચી શકે છે.દરેક તંદુરસ્ત માણસ એ રક્તદાન કરવા માટે આહવાન કર્યુ હતું.અને ત્યારે આપણા સમાજ અગ્રણી સુરત અનાવિલ સમાજ વાડી નાં આદ્યસ્થાપક દયાળજી બાપા પુણ્યતિથિ નિમિત્તે સાચી શ્રધાંજલિ પોહચશે.



# વલસાડ જિલ્લા ખાતે પ્રથમવાર સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

## ગ્રામ્ય કક્ષાએ આરોગ્યલક્ષી સમસ્યાઓ શોધી તેનું નિરાકરણ લાવવુ એ આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય હેતુ છે: ઈન્ચાર્જ કલેક્ટરશ્રી

વલસાડ, તા.૮

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપક્રમે તથા સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિપોર્ટ સેન્ટર દ્વારા રાજ્ય માટે અગ્રતા ધરાવતા આરોગ્ય સંબંધિત મુદ્દાઓ ઉપર જિલ્લાના વિવિધ હિત ધારકો સાથે ચર્ચાઓ કરી આરોગ્ય સમસ્યાઓના નિરાકરણ માટેના મંતવ્યો મેળવવાના હેતુસર વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે જિલ્લાની પ્રથમ સ્વાસ્થ્ય પરિષદનું આયોજન ઈન્ચાર્જ કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ચાર્જ કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, ગ્રામ્ય કક્ષાએ આરોગ્યલક્ષી સમસ્યાઓ શોધી તેનું નિરાકરણ લાવવુ એ આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય હેતુ છે. જે છેવાડાના માનવી માટે લાભદાયી પુરવાર થશે. સમાજના દરેક વર્ગ માટે આરોગ્ય સેવાઓ અને ગુણવત્તાયુક્ત સારવાર સહેલાઈથી મળી રહે તેવો નવતર અભિગમ અપનાવાયો છે. આ સ્વાસ્થ્ય પરિષદમાં જિલ્લાની આરોગ્ય વિષયક વિકટ સમસ્યાઓ જેવી કે, માતા મરણ, બાળ મરણ, ટીનએજ પ્રેગનેન્સી અને સિકલસેલ એનિમિયા વગેરે વિષયો ઉપર વધુ અસરકારક કામગીરી કેવી રીતે કરી શકાય તે અંગે નિષ્ણાતો દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યા હતા. સાથો સાથ હાજર હિતધારકોના મંતવ્યો મેળવી પ્રશ્નોના નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. ઈન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. એચ.પી. સિંઘે આભારવિધિ કરી આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લા સ્વાસ્થ્ય પરિષદમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, અધિકારીશ્રીઓ, IIT તથા IIPHG ના પ્રતિનિધિઓ, અધિક્ષકશ્રીઓ, ટી.એચ.ઓ., મેડીકલ ઓફીસરો, સરપંચશ્રીઓ, આશા, NGO અને અન્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# નવી રોજગાર ગેરન્ટી યોજનામાં ૧૨૫ દિવસ રોજગારી પ્રાપ્ત થશે

## કેબીનેટ મંત્રી નરેશભાઈ પટેલ દ્વારા પત્રકાર પરિષદને સંબોધન

વલસાડ, તા.૮

દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી અને આજીવિકાની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુ સાથે ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવનાર 'વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશનની ગેરેન્ટી (ગ્રામીણ) - VB-G RAM G' બિલ અંગે વિગતવાર માહિતી આપવા માટે વલસાડ સર્કિટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.?આ પત્રકાર પરિષદમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલ મુખ્યત્વે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાએ ઉપસ્થિત તમામ મીડિયાકર્મીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ?આ પ્રસંગે વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, તથા ધારાસભ્યશ્રીઓ શ્રી ભરતભાઈ પટેલ અને શ્રી જીતુભાઈ ચૌધરી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા

સાંસદ શ્રી ધવલભાઈ પટેલે VB-G RAM G યોજનાના મુખ્ય પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, નવા બિલની મુખ્ય જોગવાઈઓ: મનરેગા હેઠળ અગાઉ ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી, જે હવે વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે,મજૂરોની હાજરી હવે મેન્યુઅલને બદલે બાયોમેટ્રિક અને ડિજિટલ રીતે લેવામાં આવશે, જેથી ગેરરીતિ અટકાવી શકાય, દરેક કામનું જીઓ-ટેગિંગ અને ફોટા અપલોડ કરવામાં આવશે, જેથી ખરેખર થયેલા કામના જ નાણાં ચૂકવાય તેની ખાતરી કરી શકાય,મજૂરોનું પેમેન્ટ હવે સીધું જ તેમના બેંક ખાતામાં (Direct Benefit Transfer) જમા થશે.પહેલા પેમેન્ટમાં મહિનાઓ નીકળી જતા હતા, પરંતુ હવે કામ પૂરું થયાના ૭ દિવસમાં જ મજૂરના ખાતામાં નાણાં જમા કરવાની ગેરંટી આપવામાં આવી છે,મનરેગામાં ૨૬૦ જેટલા કામો હતા, જ્યારે આ નવા બિલમાં ૪ મુખ્ય ક્ષેત્રો (જેમ કે જળ સંરક્ષણ અને ગામની અસ્કયામતોનું નિર્માણ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે,૧૨૫ દિવસ પછી જો કામ ન મળે, તો બેરોજગારી ભથ્થું આપવાની પણ જોગવાઈ છે.કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લા ના પ્રભારી શ્રી નરેશભાઈ પટેલે આ બિલ અંગેની તકનીકી અને વહીવટી વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા ગ્રામીણ યુવાનો અને શ્રમિકોને રોજગારીની ગેરેન્ટી આપવામાં આવશે, જે 'વિકસિત ભારત ૨૦૪૭' ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે, ભારત સરકાર દ્વારા ગ્રામીણ વિકાસ અને મજૂરોને સદ્ધર બનાવવાના હેતુથી વીબીજી રામજી અધિનિયમ ૨૦૨૫ ને મંજૂરી આપવામાં આવી છે. આ અધિનિયમ જૂની મનરેગા યોજનામાં મહત્વપૂર્ણ સુધારા કરીને અમલમાં મૂકવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મજૂરોને વધુ રોજગારી અને ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે. વધુ રોજગારીના દિવસો મજૂરોને હવે ૧૦૦ દિવસના બદલે ૧૨૫ દિવસની રોજગારી આપવામાં આવશે.

# એવરગ્રીન બ્લોક પ્રિન્ટ બ્લોક પ્રિન્ટ વાળી સુંદર કોટન સાડી અને ડ્રેસ મટીરીયલ

બ્લોક પ્રિન્ટ એટલે લાકડાના બ્લોક વડે કોટન કપડાં પર થતી છપાઈને બ્લોક પ્રિન્ટ કહેવાય છે. લાકડાના બ્લોક એટલે, લાકડા પર નાની મોટી ડિઝાઇન કોતરવામાં આવે છે. આ લાકડા પર જે ડિઝાઇન કોતરેલી હોય છે તે ૨ ઇંચથી લઈને ૮ થી ૧૦ ઇંચ સુધી હોય છે. ડિઝાઇનમાં પણ વેરિએશન હોય છે એટલે કે, નાની બુટ્ટી, જાલ, બુટ્ટા, બોર્ડર વગેરે. આ બધી જ ડિઝાઇન કાંગરી વાળી અથવા ક્લોઝ હોય છે.કાંગરીવાળી એટલે કે, જે ડિઝાઇન પેક ન થયેલી હોય. બુટ્ટામાં પણ આ પેટર્ન જોવામાં આવે છે. કપડાં પર છપાઈ કરવાની આ બહુ જૂની ટેક્નિક છે. વર્ષો પહેલા ચાઈનામાં બ્લોક પ્રિન્ટિંગની શરૂઆત થયેલી. ભારતમાં ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં આ ટેક્નિક ચાલતી આવી છે.કઈ રીતે કરવામાં આવે છે- સૌ પ્રથમ લાકડાના ટેબલ પર કોટન કપડાને ખેંચીને પિન મારવામાં આવે છે. ત્યાર બાદ કલર કોમ્બિનેશન ડિસાઈડ કરી છપાઈ કરવામાં આવે છે. આ છપાઈ કરવા માટે ૧ કલર, બે કલર કે પછી ૩ થી ૪ કલરનો ઉપયોગ કરવામાં આવે છે. બ્લોક્સ પણ એ રીતે જ તૈયાર કરવામાં આવેલા હોય છે. ડ્રેસની ડિઝાઇન મુજબ બ્લોક્સની પસંદગી કરવામાં આવે છે. બ્લોક પ્રિન્ટ જયારે કરાવવામાં આવે છે ત્યારે જે બ્લોક પ્રિન્ટ કરતું હોય તેને ડિઝાઇન ક્યાં કઈ રીતે મુકવી તેનું બરાબર જ્ઞાન હોવું જોઈએ. ક્યાં ફેબ્રિકના કપડાં પર ક્યાં કલરની પ્રિન્ટ કરવી જોઈએ તે પણ જ્ઞાન હોવું જોઈએ.બ્લોક પ્રિન્ટ હાથેથી કરવામાં આવે છે તેથી ખૂબ જ સમય અને ચોકસાઈ માગી લે છે. બ્લોક પ્રિન્ટ કોટન અને સિલ્ક ફેબ્રિક પર ખૂબ જ સુંદર લાગે છે. બ્લોક પ્રિન્ટનો ઉપયોગ ડ્રેસિસ પર તો થાય જ છે પરંતુ, હોમ ડેકોરમાં પણ કરવામાં આવે છે.તેમજ સ્ટેશનરી પર પણ કરવામાં આવે છે. ઘણી મહિલાઓ તો પોતાના ઘરની દીવાલ પર પણ બ્લોક પ્રિન્ટનો ઉપયોગ કરે છે. જેઓ કોટન કપડાં પહેરવાનું પ્રિફર કરે છે તેમને બ્લોક પ્રિન્ટ ખૂબ જ ગમે છે.ડ્રેસીસ- કોટન ડ્રેસ પર બ્લોક પ્રિન્ટ એક ક્લાસિક લુક આપે છે એટલે કે, કોઈ દિવસ આઉટ ઓફ ફેશન થતું નથી. ડ્રેસ પર બ્લોક પ્રિન્ટ કરવાની ઘણી સ્ટાઇલ છે કે જેમાં, નેકલાઇન અને દામનમાં બોર્ડર મુકવી. કે પછી નેક લાઈન આપી ઓવરઓલ જાલ આપી અને હેમલાઈનમાં ૬ ઇંચ થી ૮ ઇંચના બુટ્ટા મૂકવા.

# દામકા સ્થિત સંજીવની વિદ્યાસંકુલમાં વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી

## બે દિવસ ૫ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ

સુરત, તા.૮

સંજીવની વિદ્યાસંકુલમાં બે દિવસ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની રંગેચંગે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ દિવસે સંજીવની બાળભવનનો વાર્ષિકોત્સવ જેનું નામ બોલિવૂડ મેશઅપ અને સંજીવની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ જેનું નામ આપણી સંસ્કૃતિ, આપણું ગૌરવ તેમજ બીજે દિવસે સંજીવની પ્રાથમિક ભવનનો વાર્ષિકોત્સવ જેનું નામ સંસ્કૃત્તિની પરિભાષા- આપણા તહેવારો હતુ.

પ્રથમ દિવસનાં મહેમાનો ગ્રીમટેક પ્રોજેક્ટ પ્રા. લિ.નાં શ્રી એસ. કે. અગ્રવાલ, આઈ. એન. ટેકરાવાલાનાં નિવૃત્ત વિજ્ઞાનપ્રવાહનાં સુપરવાઈઝર શ્રી મનસુખભાઈ એલ. પટેલ, શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેવાકે શ્રી દલપતભાઈ એમ. આહિર-દામકા, શ્રી નરેશભાઈ બી. પટેલ-વાંસવા, અને સક્રિય વાલીઓ જેવાં કે શ્રીમતી ખૂશબૂબેન જે. પટેલ-જુનાગામ, શ્રીમતી ચૈતાલીબેન વી. પટેલ-દામકા, શ્રીમતી પ્રજ્ઞાબેન પી. પટેલ-દામકા અને શ્રીમતી લતાબેન બી. પટેલ-દામકા પધાર્યા હતા.

બીજા દિવસનાં મહેમાનો આરતી એન્ટર પ્રાઈઝનાં માલિક શ્રી રમેશભાઈ તિવારી, મલગામાનાં સામાજીક કાર્યકર શ્રી મહેશભાઈ એન. પટેલ, સંસ્થાનાં મંત્રીશ્રી શાંતિલાલ કે. પટેલનાં ધર્મપત્ની શ્રીમતી આશાબેન કે. પટેલ, દામકા ગ્રામપંચાયતનાં સભ્ય શ્રીમતી ટીનાબેન એમ. પટેલ, શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેવાકે શ્રી અશ્ર્વિનભાઈ આર. પટેલ-દામકા શ્રી ઠાકોરભાઈ એમ. પટેલ-વાંસવા, અને સક્રિય વાલીઓ જેવાં કે શ્રીમતી ઉષાબેન પી. પટેલ-દામકા, શ્રીમતી અનસૂયાબેન એ. પટેલ-દામકા, પધાર્યા હતા.

બે દિવસમાં કુલ ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ખૂબજ ઉત્સાહપૂર્વક વાર્ષિકોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં ફલ્મીગીતો, ગરબો, રાજેસ્થાની નૃત્ય, દેશભકિતગીત, અભિનયગીતો, વ્યસનમુકિત, બાગબાન અને સાઈબર ક્રાઈમ જેવાં -નજાગૃતિ નાટકો તેમજ આપણાં તહેવારોને અનુરૂપ અભિનયગીતો રજૂ કરવામાં આવ્યા હતા. ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, "લીમિત્રો અને ગ્રામજનોએ આ કાર્યક્રમને નિહાળી બિરદાવ્યો હતો.

# પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ

વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.



ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને ૫ા ઇંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે.

વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર

સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે.વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્ર્લેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે.

આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે. દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે. રાજ્યની દૃષ્ટિએ જોઈએ તો ભારતમાં સૌથી વધારે વાંસનું ઉત્પાદન કરનારું રાજ્ય મિઝોરમ છે. અહીં લગભગ ૧.૫ કરોડ હેક્ટર ક્ષેત્રમાં વાંસની ખેતી થાય છે.મિઝોરમ ઉપરાંત ભારતમાં વાંસનું ઉત્પાદન કરનારા રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપૂરા છે. દેશના બીજાં રાજ્યોમાં અને ક્ષેત્રોમાં વાંસનું ઉત્પાદન કરવામાં આવે છે, પણ સૌથી વધારે વાંસ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જ ઉત્પન્ન થાય છે.

ખેડૂતો માટે આર્થિક દૃષ્ટિથી પણ વાંસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એક વાંસની કિંમત સામાન્યપણે રૂ. ૧૦૦ થી ૨,૦૦૦ સુધી હોય છે. અલગ અલગ પ્રકારના વાંસની કિંમત અલગ અલગ હોય છે. વાંસથી સેંકડો વસ્તુઓ બને છે.

વાંસથી અફલાતુન ફર્નિચર બને છે. ખાવા માટેની પ્લેટ, પૂજા માટેની અગરબત્તી, સંગીતના સાધનોમાં વાંસળી, ઘરેલું કામ માટેના દાદર, આખા ને આખા મકાનો અને ડઝનેક જેટલાં સૌંદર્ય પ્રસાધનોની ચીજ વાંસમાંથી બને છે.

દેશમાં ભલે વાંસનું સૌથી વધારે ઉત્પાદન ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં થતું હોય, પણ તેની જુદી જુદી જાતની વાત કરીએ તો મધ્ય પ્રદેશમાં જબલપુરની આસપાસ સૌથી વધારે ૬૦ થી ૬૫ પ્રકારના વાંસનું ઉત્પાદનથાય છે.આમાં ભારતીય પ્રજાતિના વાંસ તો હોય જ છે, પણ લેટિન અમેરિકા, ચીન, થાઈલેન્ડ, વિયેતનામ અને અમેરિકામાં ઉત્પન્ન થનારા વાંસની પ્રજાતિ પણ અહીં વિકસાવવામાં આવી છે. સામાન્યપણે વાંસ એકદમ કડક હોય છે, પણ કેટલાક વાંસની પ્રજાતિ ખૂબ જ મુલાયમ અને મીઠાં હોય છે. તેને કેટલાક જાનવર શોખથી ખાય છે. ભારતમાંહાથી અને ચીનમાં પાંડા સૌથી વધારે વાંસ ખાય છે. ભારતમાં માનવામાં આવે છે કે વાંસની ઉત્પત્તિ મહાકૌશલ વિસ્તારના ગોંડવાના ક્ષેત્રમાં થઈ છે. એમ કહેવાય છે કે અહીં ડાયનાસોરના જમાનામાં પણ વાંસ વિદ્યમાન હતા. ધારણા એ પણ છે કે બૌદ્ધ ધર્મને કારણે વાંસ ભારતથી વિદેશમાં ગયા, એટલે જ દુનિયાભરમાં ૧,૦૦૦ થી ૧,૫૦૦ પ્રકારના વાંસ હોવા છતાં તેનું જન્મસ્થળ ભારત જ હોવાનું માનવામાં આવે છે. હવે વાંસને ફોરેસ્ટ્રી જૂથમાંથી હટાવીને ઘાસની શ્રેણીમાં રાખવામાં આવ્યું છે. વાંસના વિકાસ અને તેનાં બહુઉદેશીય ઉત્પાદનના વિસ્તૃત બજાર માટે નેશનલ વાંસ મિશન યોજના શરૂ કરવામાં આવી છે. તેનાં હેઠળ અનેક પ્રદેશોમાં ખેડૂતોને ૧૦૦ થી ૧૨૦ રૂપિયા સુધીની સબ્સિડી વાંસ દીઠ આપવામાં આવે છે. એક વાર વાંસ લગાવી દીધાં પછી ૭૦ વર્ષ સુધી તે કમાણીનું સાધન બની રહે છે.





# કંપવાત માટે હાર્મોન ડોપામાઈનના સ્ત્રોતો

આધુનિક જીવનશૈલીમાં જેમ જેમ સુવિધાઓ વધતી જાય છે તેટલી જ બીમારીઓમાં પણ વધારો થતો જાય છે. અનેક જાતની બીમારીઓમાં દવાઓનો આડેધડ ઉપયોગ, ખાન-પાનમાં ખરાબી, કસરતો કે શ્રમનો અભાવ, અસ્ત-વ્યસ્તતા, કામનો બોજો વગેરે બીમારીઓને ગંભીર

બનાવે છે. આધુનિક જીવનશૈલીમાં બદલાવ નથી કરી શકતા, પણ કુદરતી ખાન-પાન પર ધ્યાન આપી બીમારીઓથી બચવાનો પ્રયત્ન જરૂર કરી શકાય છે.

વધતી ઊંમરની એક બીમારી પાર્કિન્સન્સ છે. શરીર મંદ કરી નાખે છે. આના લક્ષણોની ઓળખ જલદી ખબર પડતી નથી. ઉંમર વધતા મગજનો એક સ્ત્રાવ ડીપામાઇનની કામગીરી ઓછી થઇ જતા આ રોગ થાય છે.મધ્ય મગજ (મિડ-બ્રેઇન) એક ખાસ રસાયણ બનાવે છે. આ ખાસ રસાયણ ડોપામાઇન તરીકે ઓળખાય છે. જે મગજના અગ્રભાગને ઉત્તેજીત કરે છે. જે લાલ રંગનો હોય છે. પાર્કિન્સની બીમારીમાં મધ્ય મગજની કામગીરી ખોરવાય કે ઓછી થઇ જાય છે કે બગડે છે. ધીરે ધીરે શરીર અકડ (સ્ટીફ) થઇ જાય, હાથ-પગ ધ્રૂજાવા માંડે છે, ચાલવામાં મુશ્કેલી, બોલવામાં તકલીફ, ચહેરાના હાવભાવ લગભગ ખતમ થઇ જાય છે. સ્નાયુઓ જડ થઈ જાય, અવસાદ (ડિપ્રેશન), નીદર ન આવવી, ડર, ચિંતા, રાત્રે જાગવું, સવારે સૂંવું, થકાવટ, સૂંઘવાની સમસ્યા, પેશાબ પર નિયંત્રણ ન રહેવું, મોઢામાંથી લાળ પડવી, ખોરાક ગળવો મુશ્કેલ બને. માથું આજુબાજુ ફરી ન શકે.આ એક ન્યૂરોડીજનરેટીવ રોગ છે. મગજની પેશી કે મગજના સેલના ન્યૂરોન ડીજનરેટ હોય છે. આપણા મગજના ઘણા ભાગો હોય છે. આ ભાગો વિદ્યુત – રસાયણ દ્વારા એકબીજા સાથે વાતો કરે છે. આ વિદ્યુત રસાયણ જ્યારે ખોરવાય જાય છે. ઘણી દવાઓ એવી છે કે પાર્કિન્સન્સનું કારણ બને છે. કેટલીક દવાઓ ડોપામાઈનને કામ કરતા અટકાવે છે જેને ડોપામાઈન બ્લોકર કહે છે.જો કોઈ દર્દીને આ દવાઓના ઉપયોગને કારણે પાર્કિન્સનિઝમ હોય તો તેને ડ્રગ – ઈંડ્યૂસ્ડ – પાર્કિન્સનિઝમ અથવા મેડીકેશન –ઈ.ડ્યુસ્ડ પાર્કિન્સનિઝમ કહેવાય છે. આ દવાઓ જેવી કે માનસિક રોગો સાથે જોડાયેલી દવાઓ કે સ્કિઝોફેનિયા માટેની દવા હેલો પેરીડોલ, રિસ્પેરીડોલ, ઓલાન્ઝમાપાઈન, એરીપીઝોલ જેવી દવાઓ અને આને લગતી અન્ય દવાઓ.મૂડ- ડિપ્રેન્સનની દવાઓ ફૂલ ફિનાઝાઈમ, ટ્રાનિસિપોઈમ લિથિયમ ઉલટીની દવાઓ મેટાકલોપ્રામાઈડ, લેવાસુલપ્યુરાઈડ, ડોમ પ્રીડોનની ઊંચી માત્રાવાળી દવા, ફ્લૂનાજાઈમ, સિનેરઝાઈમ. હૃદય બ્લડ પ્રેશરની દવાઓ એમી ઓડોરીન, મિથાઈલ-ડોપા જેવી દાવઓ આને લગતી અન્ય દવાઓ. તેમજ શ્રમના અભાવને કાણે અને મિઠાઈઓનું વધુ પડતું સેવન તેમજ અપ્રાકૃત ઘીને લીધે આ બીમારી થાય છે.આ રોગને 'આરામની ધ્રૂજારી' કે રેસ્ટ ટ્રેમર પણ કહેવામાં આવે છે. પર્કિન્સ બીમારી માટે જાગૃતી લાવવા વર્ષ દર વર્ષ સામાન્ય લોકો માટે આ તમામ લક્ષણો વિશે જાગૃત લાવવા અને આના માટેની ખોટી માન્યતાઓ દૂર કરવા સતત પ્રયત્નો કરવામાં આવે છે. આની જાગૃતતા માટે ડૉ. જેમ્સ – પાર્કિન્સન્સનો જન્મ દિવસ અગિયાર એપ્રિલના દિવસે વર્લ્ડ પાર્કિન્સન્સ ડિસીસ અવેરનેસ ડે ઉજાવવામાં આવે છે. ડૉ. જેમ્સે જણાવ્યું કે પાર્કિન્સ બીમારી કસરતોના કે શ્રમનો અભાવ અને વધુ સુખી જીવન શૈલી છે.

પાર્કિન્સન્સ રોગની દવાઓ કાર્તિડોપા – લેવોડોપાથી ચક્કર અને ઊલટીઓ થાય છે. ડોપામાઈન – એગોન્સ્ટિથી ચક્કર ઉલટી, તન્દ્રા, એક જ વસ્તુ વારંવાર કરવીની સાઈડ ઈફેકટ થાય છે. કેટેકોલ ઓ-મેથિલ ટ્રાસ ફેરજથી ઝાડા અને અનૈચ્છિક ગતિવિધિઓની સાઈડ ઈફેક્ટ થાય છે.

એન્ટિકોલિનર્જિકથી યાદશક્તિ ઘટવી, ભ્રમ, મતિભ્રમ, કબજિયાત, પેશાબમાં તકલીફ, મોઢું સુકાય જેવી આડઅસરો જણાય છે.અમાન્ટડાઈન, ત્વચના બેંગની રંગની થાય કે ધાબા પડે, ગૂંઠણમાં સોજા આવે, મતિભ્રમની આડઅસર જણાય. સર્જરી પણ જોખમકારી જણાય છે.

પાર્કિન્સની બીમારીને કુદરતી રીતે સારી કરી શકાય અથવા જીવનશૈલીમાં કુદરતી ખાનપાન વધારો કરી તે થાય જ નહિ તેવું કરી શકાય. ડોપામાઈન શરીરમાં બનાવતી વનસ્પતિ કે કંદનો ઉપયોગ કરવો જોઈએ. જે કંદમાં સ્ટાર્ચ હોય છે તે ડોપમાઈન શરીરનું જાળવી રાખે કે તેને બનાવવામાં મદદ કરે છે તેવા સ્ત્રોતોનો ઉપયોગ થવો જોઈએ.

બટાકા: સ્ટાર્ચથી ભરપૂર છે. આને શેકીને કે ચટણી કે શાક બનાવી લઈ શકાય.

શક્કરિયા: સ્વાદે મીઠા છે તેથી કાચા ખાઈ શકાય. શેકીને પણ લઈ શકાય. દૂધમાં શેકીને શક્કરિયાનો માવો નાખી ખાઈ શકાય.

સુરણ: શાક બનાવી કે શેકીને ખાઈ શકાય.

રામ કંદ: કાચું જ ખાઈ શકાય જે સાઈકલ પર લઈને ફરતા હોય છે અને પતલી સ્લાઈઝ કાપીને આપતા હોય છે. લક્ષ્મણ કંદ પણ ખાઈ શકાય છે.

સુરતી કંદ: શેકીને કે બાફીને ખાઈ શકાય.

મદ્રાસી કંદ: શેકીને કે શાક બનાવી ખાઈ શકાય.

અરવી: શેકીને કે બાફીને ખાઈ શકાય.

ડુક્કર કંદ: બાફીને કે શેકીને લઈ શકાય. આ કંદ ચોમાસામાં થોડા દિવસ માટે જ મળે છે.બીટ: બાફીને ખાઈ શકાય કે કાચા લઈ શકાય. તેમજ કાંદાની ખીર બનાવી લઈ શકાય. કાચા લઈ શકાય, લીલા કાંદા પાન સાથે લઈ શકાય.લસણની ચટણી બનાવવી ખાવી.

## તંત્રી લેખ... -

ગુરૂવાર, તા. ૦૮ જાન્યુઆરી ૨૦૨૬

# ધાક બેસાડતો નિર્ણય

દેશમાં આતંકવિરોધી નીતિમાં કોઈપણ જાતની બાંધછોડ ન કરવાના વલણને હવે સર્વોચ્ચ અદાલતે પણ સ્વીકૃતિ આપી દીધી છે. દિલ્હીનાં તોફાનોના કેસમાં અદાલતે આરોપી ઉમર ખાલિદ અને શરજિલ ઈમામની જામીન અરજીને સ્પષ્ટ રીતે નકારી કાઢીને આ ગંભીર કેસમાં દિલ્હી પોલીસના મજબૂત આરોપનામાને પણ સીધી સ્વીકૃતિ આપી છે.

દિલ્હીનાં કોમી તોફાનોમાં ઉશ્કેરણી અને દેશવિરોધી કાવતરાંના આરોપોનો સામનો કરી રહેલા આ બંને યુવાનની જામીન અરજીને નકારી કાઢતાં સર્વોચ્ચ અદાલતે કહ્યંુ કે આતંકી કૃત્યોને માત્ર હિંસા સુધી મર્યાદિત રાખી શકાય નહીં. આ અર્થઘટનમાં આવશ્યક સેવાઓને અંતરાય અને અર્થતંત્ર માટેના જોખમની પરિભાષાનો પણ સમાવેશ થાય છે. અદાલતના આ આદેશથી સ્પષ્ટ થાય છે કે કોઈનાથી ભરમાઈ જવાના કે કાવતરું રચવાનાં કેટલાં ગંભીર પરિણામ આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે આ આરોપીઓની જામીન અરજી પરની સુનાવણી અને ચુકાદા દરમિયાન આતંકી હુમલા અને કૃત્યોના અર્થઘટનને વધુ વ્યાપ આપ્યો છે. અદાલતે અન્ય બે મહિલા સહિત અન્ય પાંચ આરોપીને ૧૨ શરતે જામીન મંજૂર કર્યા હતા, પણ ઉમર ખાલિદ અને શરજિલ ઈમામની અરજીના સંદર્ભમાં અદાલતે કહ્યંુ કે તમામ આરોપીઓની સાથે એકસમાન વલણ લઈ શકાય નહીં. હવે આ બંને મામલામાં એક વર્ષ સુધી જામીન અરજી કરી શકશે નહીં.

આ

બંને મુખ્ય આરોપીની સામે દિલ્હીનાં તોફાનોના સંદર્ભમાં મોટાં કાવતરાંના કેસમાં અદાલતે આ ચુકાદો આપ્યો છે. આ બંને સામે કેસમાં આતંકવાદવિરોધી કાયદા તળે ગુનો નોંધાયો છે. અદાલતે એમ પણ કહ્યંુ છે કે શરજિલ ઈમામ અને ઉમર ખાલિદની ભૂમિકા આખા પ્રકરણમાં અન્યોની સરખામણીએ સાવ અલગ અને ગંભીર પ્રકારની છે. તેમની સામેના પ્રથમદર્શી આરોપ સાચા જણાઈ રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યંુ કે લાંબા સમયથી જેલમાં બંધ હોવાની બાબત જામીન માટે આધાર બની શકે નહીં.

આ કેસમાં સર્વોચ્ચ અદાલતનો નિર્ણય સંખ્યાબંધ રીતે મહત્ત્વ ધરાવે છે. એક તો આતંકવાદવિરોધી કાયદાની કલમ ૪૩ડી (૫) હેઠળ જામીનની જોગવાઈઓ વધુ સ્પષ્ટ થાય છે, તેની સાથોસાથ આ નિર્ણય આતંકવાદ અને હિંસાની વિરુદ્ધ સરકારની નીતિ-રીતિને મજબૂતી મળી છે. અદાલતે જે રીતે સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદની પરિભાષાને માત્ર હિંસા સુધી સીમિત રાખી શકાય નહીં, તેનાથી સરકારના વલણને વધુ સ્વીકૃતિ મળી છે.

ઉલ્લેખનીય છે કે આખા પ્રકરણમાં આરંભથી જ દેશવિરોધી વલણને ઉશ્કેરતાં તત્ત્વો ફરી વિરોધમાં સફાળાં જાગ્યાં છે. દિલ્હીની જેએનયુમાં તરત જ ઉમર અને શરજિલની તરફેણમાં દેખાવો થયા જેમાં ફરી દેશવિરોધી લાગણીઓ વ્યક્ત થવા લાગી છે, તો આ મામલમાં માનવ અધિકારના કહેવાતા હિમાયતીઓ પણ ફરી સક્રિય બની શકે તેમ છે. સ્પષ્ટ છે કે આવાં તત્ત્વોની માટે ન્યાયતંત્રના આદેશને માન આપવાની જરા પણ ખેવના જણાતી નથી. આવનારા સમયમાં આ આદેશની સામે વધુ વિરોધ થાય તો સરકારે તેની સામે કડક કાર્યવાહીમાં જરાપણ પાછીપાની કરવી જોઈએ નહીં.

## પાણીની શુદ્ધતાની ચકાસણી કચ્છનાં ગામ-શહેરોમાંય કરો

ગાંધીનગરમાં દૂષિત પાણી વિતરણ અને તેને પગલે ટાઈફોઈડ સહિત પાણીજન્ય રોગોમાં ઓચિંતો ઉછાળો આવ્યાને પગલે સરકાર ચોંકી ઊઠી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા બેઠક યોજીને રોજેરોજ સેમ્પલ લેવા ફરમાન કર્યું છે. સ્વચ્છતાનો રિપોર્ટ આવે એ પછી જ પીવાનાં પાણીનું વિતરણ કરવા તાકીદ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના જણાવ્યા અનુસાર આ સૂચના રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં લાગુ પડે છે. પીવાનું પાણી નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત છે. નળ વાટે ઘરોઘર પાણી પહોંચે છે.

દુર્ગમ વિસ્તારોમાં ઉનાળા દરમિયાન હજુએ ટેન્કર પર મદાર રાખવો પડે છે. બને એવું છે કે, સામાન્ય લોકો પાણી આવે, ઘરમાં પાણીનો સંગ્રહ થાય એ પૂરતી જ ચિંતા કરે છે. પાણીની શુદ્ધતાનો વિચાર ભાગ્યે જ કરવામાં આવે છે. ભુજના સોસાયટી વિસ્તારમાં પાણી સંગ્રહના ભૂમિગત ટાંકામાં જોઈશું તો કાંયો કે ધૂળમિશ્રિત પાણી જ જોવા મળશે. બીજાં નગરોમાં પણ આવું હોવાની શક્યતા છે. સુધરાઈ, સરકાર અને નગરજનોનું ગાડું આ વ્યવસ્થામાં જ ગબડી જાય છે. સ્થિતિ વણસે ત્યારે સરકાર ઊંચી-નીચી થાય. શુદ્ધતાના માપદંડની વાતો આવે, ક્લોરિનેશનની ચિંતા કેળવાય, પણ એ પછી ચીવટની વાતો એક કોરાણે રહી જતી હોય છે. ગાંધીધામ, આદિપુરમાં પાણીની લાઈનોમાં લીકેજને લીધે પેયજળ અશુદ્ધ બનતાં ટાઈફોઈડના કેસોમાં ઉછાળો જોવા મળ્યો. સરકારી અને ખાનગી દવાખાનાંઓમાં રોગચાળાના દર્દીઓની સંખ્યા અસાધારણ દેખાતાં મહાનગરપાલિકાના સત્તાવાળાઓએ આરોગ્ય સર્વે કરીને લીકેજ દૂર કરવા, સુપર ક્લોરિનેશન કરવાની સૂચના આપી છે. નાગરિકોનાં મનમાં પ્રશ્ન એ છે કે, પીવાનું પાણી શુદ્ધ મળે એ તકેદારી હંમેશ કેમ રખાતી નથી ? રોગચાળો કે બીમારી ફેલાવવાના બીજાએ માર્ગો છે. લારી-ગલ્લા પરની ખાદ્યચીજો, હોટેલોમાં વાસી કે કેટલીક વાર ઉઘાડી રાખી દેવાયેલી ખાદ્ય સામગ્રીના વપરાશથી પણ લોકોનું આરોગ્ય જોખમમાં મુકાય છે.રાજ્ય સરકાર દ્વારા નીતિ-નિયમોના પાલન માટે અનેક વિભાગો કાર્યરત છે, પણ કમનસીબે એ ખાતાઓની કામગીરીમાં વેધકતા નથી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની મોટી જવાબદારી છે, પણ કેટલી હોટેલોમાં ચકાસણી થાય છે? શું બધી જ રેસ્ટોરાં-હોટેલોમાં ખાદ્યચીજોનું અને સ્વચ્છતાનું એક સો ટકા ધ્યાન રખાય છે? આમ હોવું અસંભવ છે. નકલી ઘી, મલાઈ, બટર, નકલી પનીરની મોટી માર્કેટ અસ્તિત્વમાં છે. એ ગેરકાયદે ધંધો ફુલ્યોફાલ્યો છે એનું કારણ સમજી શકાય છે.પાણીપૂરી, દાબેલી, સેન્ડવીચ, ચાટ સહિતની ફાસ્ટફૂડ વાનગીઓ આરોગનારો વર્ગ મોટો છે. શહેરી વિસ્તારોમાં તો કેટલાય ફૂડઝોન વિકસ્યા છે, તેમાં સ્વચ્છતાનો ભારોભાર અભાવ હોય છે. સુધરાઈ તંત્રએ પણ નિયમિત તપાસ કરીને પગલાં લેવાં જોઈએ. એ સિવાય સૌથી મોટી ફરજ આપણી ખુદની -ગ્રાહકોની છે. રોજિંદા દિવસોમાં અને વિશેષ કરીને રોગચાળાના વાસરા હોય ત્યારે સ્ટ્રીટ ફૂડ નિવારવું જોઈએ. પાણીપૂરી અને ચટણીમાં બેકટેરિયાનું પ્રમાણ વધુ હોવાની શક્યતા છે.ગાંધીધામના બનાવને પગલે કચ્છમિત્રએ જિલ્લાનાં શહેરોમાં પેયજળની શુદ્ધતાની તકેદારી વિશે વિસ્તૃત અહેવાલ ગુરુવારના અંકમાં પ્રસિદ્ધ કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, નર્મદાનું પીવાનું પાણી શુદ્ધીકરણ વિના વર્ષોથી ધબેડી દેવામાં આવે છે. આ બધા પ્રશ્નો ગંભીર છે અને જનપ્રતિનિધિઓએ સક્રિય બનીને તેનો નિવેડો લાવવો જોઈએ અન્યથા કચ્છમાંય ઇંદોર કે ગાંધીનગર જેવો દૂષિત પેયજળ કાંડ સર્જાવાની ભીતિ રહેશે.

---

**કૉંગ્રેસે તો આખી પ્રક્રિયાને મોટું કાવતરું ગણાવીને તપાસની માગ પણ કરી નાંખી છે.**

# ‘સર’ની બબાલ, બોગસ મતદારો માટે જવાબદાર કોણ?

### એક-બે ટકા મતદારો આમ-તેમ થાય તેમાં તો સરકાર બદલાઈ જતી હોય છે ત્યારે આ વધારાના છ ટકા મતદારો આવી ગયા

ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ની ડ્રાફ્ટ યાદી જાહેર થઈ એ સાથે જ બબાલનાં ઘર મંડાણાં છે કેમ કે ડ્રાફ્ટ યાદીમાં જૂની મતદાર યાદીમાંથી ૨.૮૯ કરોડ નામ કાપી નાંખવામાં આવ્યાં છે. ડ્રાફ્ટ યાદી પહેલા રાજ્યમાં ૧૫.૪૪ કરોડ મતદારો હતા જ્યારે ડ્રાફ્ટ યાદીમાં ૧૨.૫૫ કરોડ મતદારોના નામ છે. વિપક્ષોએ દેકારો શરૂ કરીને આક્ષેપ કર્યો છે કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ના બહાને ચોક્કસ વર્ગના મતદારોનાં નામ કાઢી નંખાયાં છે. આ ચોક્કસ વર્ગ એટલે મુસ્લિમો એવું કહેવાની જરૂર નથી.

કૉંગ્રેસે તો આખી પ્રક્રિયાને મોટું કાવતરું ગણાવીને તપાસની માગ પણ કરી નાંખી છે. કૉંગ્રેસનું કહેવું છે કે, યુપીમાં લોકશાહીની હત્યા થઈ રહી છે અને ૧.૧૩ કરોડ મતદારોને અપાયેલાં ફોર્મ પાછાં કેમ નથી આવ્યાં તેની તપાસ કરવી જરૂરી છે. સમાજવાદી પાર્ટીએ પણ તેમાં સૂર પુરાવ્યો છે કેમ કે, આ બહાને મુસ્લિમોને રાજી કરવાનો મોકો મળશે. સપાનો આક્ષેપ છે કે, ચૂંટણી પંચ ભાજપનું પાલતુ બનીને વર્તી રહ્યું છે ને ભાજપને ફાયદો કરાવવા માટે આખો ખેલ કરી રહ્યું છે.

કૉંગ્રેસ સહિતના વિપક્ષો પહેલેથી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ને શંકાસ્પદ ગણાવી રહ્યાં છે તેથી તેમના આક્ષેપોમાં નવું કશું નથી પણ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)માં જે રીતે લાખોની સંખ્યામાં મતદારોનાં નામ કમી થઈ રહ્યાં છે તેના કારણે આખો મામલો શંકાસ્પદ તો બની જ ગયો છે. અત્યારે યુપીની ડ્રાફ્ટ યાદી બહાર પડી તેથી યુપી ચર્ચામાં છે પણ જે પણ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ની પ્રક્રિયા પૂરી થઈ છે ત્યાં બધે લાખોની સંખ્યામાં મતદારો ઘટ્યા છે એ જોતાં ચૂંટણી પંચની ખોરી દાનતની સાથે સાથે અત્યાર લગી શું કરતું હતું એ સવાલ પણ ઉઠે છે.

યુપીમાં જૂની મતદાર યાદીના ૧૮.૭૨ ટકા મતદારોનાં નામ નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી. મતલબ કે, દર ૧૦૦ માંથી ૧૯ મતદારોના નામ ઊડી ગયાં છે. જેમનાં નામ નથી એવા ૨.૮૯ કરોડ મતદારોમાંથી ૪૬.૨૩ લાખ મૃત્યુ પામ્યા છે તેથી તેમના વિશે શંકા ના કરી શકાય પણ ૨૫.૪૭ લાખ ડુપ્લિકેટ અથવા નકલી મતદારો હતા એવું બહાર આવ્યું છે. બીજી તરફ ૨.૧૭ કરોડ મતદારોનું શું થયું એ વિશે તો કોઈ સ્પષ્ટતા જ નથી.

આ મતદારોએ કાં સ્થળાંતર કર્યું છે કાં ગાયબ થઈ ગયા છે એવું ચૂંટણી પંચે કહ્યું છે. આટલી મોટી સંખ્યામાં મતદારોએ સ્થળાંતર કર્યું હોય એ શક્ય નથી લાગતું. માનો કે તેમાંથી અડધા લોકોએ સ્થળાંતર કર્યું હોય તો પણ એક કરોડનો આંકડો થાય. ૧ કરોડ લોકો યુપીથી બીજે જતા રહ્યા એ વાત ગળે ઉતારવી અઘરી છે છતાં એ વાત માની લઈએ તો પણ બાકીના લગભગ સવા કરોડનું શું થયું તેનો તો સ્પષ્ટ જવાબ જ નથી મળતો. આ સવા કરોડ બાંગ્લાદેશી, રોહિંગ્યા કે કોઈ ત્રીજા દેશમાંથી આવેલા લોકો હતા ને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)થી ફફડીને ભાગી ગયા?

બંગાળમાં ભાજપના નેતા એવા દાવા કરે જ છે કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)થી ડરીને બાંગ્લાદેશીઓ ભાગી રહ્યા છે ને ભારત-બાંગ્લાદેશને અલગ કરતી નદીમાં ભૂસકા મારીને પોતાના દેશ જઈ રહ્યા છે. યુપીમાં પણ એવું થયું છે? ખબર નથી. યુપીમાં ભાજપની સરકાર છે એટલે ભાજપના નેતા ચૂપ છે. યુપીમાં લગભગ ૯ વર્ષથી ભાજપની સરકાર છે અને યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી છે. એ છતાં આટલી મોટી સંખ્યામાં બહારનાં લોકો અહીં જામી ગયાં હોય ને મતદાર યાદીમાં આવી ગયાં હોય તો બહુ મોટી નાલેશી કહેવાય એટલે ગેરકાયદે રીતે ભારતના નાગરિક બની ગયેલા લોકો કઈ નદીમાં ભૂસકા મારી રહ્યા છે કે કઈ તરફ ભાગી રહ્યા છે તેનો સ્પષ્ટ જવાબ નથી મળવાનો.

જોકે આ સ્થિતિ દરેક રાજ્યમાં છે. અત્યાર સુધીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ની ડ્રાફ્ટ યાદી જાહેર થઈ એ રાજ્યો પર નજર નાંખશો તો આ વાત સમજાશે. જે ૧૨ રાજ્યોમાં સરનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે તેમાં કુલ ૬.૫૯ કરોડ મતદારોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં નથી. સર પહેલાં આ રાજ્યોમાં ૫૦.૯૭ કરોડ મતદારો હતા અને ચકાસણી પછી ૪૪.૩૮ કરોડ મતદારો જ રહેતાં લગભગ ૬.૫૯ કરોડ મતદારોના નામ ઊડી ગયાં છે. મતલબ કે, ૧૨ રાજ્યોની જૂની મતદાર યાદીનાં કુલ મતદારોમાંથી ૧૨.૯૩ ટકા મતદારોનાં નામ ડ્રાફ્ટ યાદીમાં નથી. દર ૧૦૦ મતદારોએ લગભગ ૧૩ નામ કપાઈ ગયાં છે.

આ પૈકી અડધા એટલે કે સાત ટકા મતદારો એવા ગણીએ કે જેમનાં નામ પંચે નક્કી કરેલા પુરાવા રજૂ કરવાથી અંતિમ મતદાન યાદીમાં આવી જાય તો પણ છ ટકા મતદારોનાં નામ તો ઉડી જ જાય એવો ખતરો છે. એક રીતે કહીએ તો આ બધા બોગસ મતદારો જ કહેવાય. હવે આટલી મોટી સંખ્યામાં બોગસ મતદારો હોય તો ચૂંટણી પ્રક્રિયા કઈ રીતે નિષ્પક્ષ કહેવાય? ટૂંકમાં સરના કારણે આપણી ચૂંટણી પ્રક્રિયા જ શંકાના દાયરામાં આવી ગઈ છે.

આપણે ત્યાં એક-બે ટકા મતદારો આમ-તેમ થાય તેમાં તો સરકાર બદલાઈ જતી હોય છે ત્યારે આ વધારાના છ ટકા મતદારો આવી ગયા તેના કારણે આવેલા પરિણામો પણ વિશ્વસનિય ના જ ગણાય. ૨૦૦૨ પછી કૉંગ્રેસે ૧૦ વર્ષ રાજ કર્યું ને ભાજપ અટલ બિહારી વાજપેયીનાં ૨ વર્ષ ને નરેન્દ્ર મોદીનાં ૧૧ વર્ષ મળીને ૧૩ વર્ષ સત્તામાં રહ્યો એ જોતાં આ સરકારો ખરેખર જનાદેશથી સત્તામાં આવેલી કે બોગસ મતદારોના કારણે સત્તામાં આવી હતી એ પણ સવાલ છે.

જોકે મોટો સવાલ એ છે કે, આટલી મોટી સંખ્યામાં બોગસ મતદારો આવી ગયા તો ચૂંટણી પંચ શું કરતું હતું? મતદાર યાદીઓ બનાવવાનું કામ ચૂંટણી પંચનું છે પણ પંચે ધ્યાન ના રાખ્યું તેમાં બોગસ મતદારો ઘૂસી ગયા. ચૂંટણી પંચ એ માટે જવાબદાર ગણાય પણ ભારતમાં એવી જવાબદારીની ભાવના જ નથી તેથી ખાલી આક્ષેપબાજી ચાલ્યા કરે છે.

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર) ના કારણે ભારતની સિસ્ટમની એક બહુ મોટી ખામી તરફ આખી દુનિયાનું ધ્યાન ગયું છે. ભારતમાં મતદાર બનવા માટે નાગરિક હોવું જરૂરી છે પણ ભારતમાં નાગરિકતા માટે સિંગલ ડોક્યુમેન્ટ જ નથી તેની આ બધી મોંકાણ છે. કમનસીબી એ છે કે, કોઈ આ દિશામાં વિચારતું જ નથી. દેશની નાગરિકતા માટે કોઈ એક જ દસ્તાવેજને માન્ય રખાય તો કોઈ મગજમારી જ ના થાય પણ તેની વાત નથી સરકાર કરતી, નથી વિપક્ષો કરતા કે નથી ચૂંટણી પંચ કરતું.

---

**એક્સરસાઇઝ : એક્ટિવ અને ફિટ રહેવામાં ભૂમિકા રહેલી છે જેથી...**

# કસરત ખુબસુરતીને પણ વધારે છે

- નિયમિત કસરતથી આત્મવિશ્વાસમાં વધારો થાય છે : કસરતથી ચહેરા પર નિખાર આવે છે અને મુડ સુધરે છે : વયમાં વધારો થાય છે

આધુનિક સમયમાં ખુબસુરતી વધારવા માટે અનેક પ્રકારના પ્રયોગ મહિલાઓ અને પુરૂષો કરતા રહે છે. આના માટે જંગી નાણા પણ ખર્ચ કરે છે. નિયમિતરીતે કસરત કરવાથી વ્યક્તિ વધારે એક્ટિવ અને ફિટ અનુભવ કરે છે. તેમાં આત્મવિશ્વાસમાં જોરદાર વધારો થઈ જાય છે. તેના ચહેરા પર તાજગી વધતી જાય છે. યુનિવર્સિટી ઓફ બ્રિટીશ કોલંબિયાના રિસર્ચમાં આ મુજબની બાબત સપાટી પર આવી ગઈ છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૦ મિનિટની કસરત મહિલાઓ અને પુરૂષોની ખુબસુરતીમાં અનેક ગણો વધારો થાય છે. મહિલાઓમાં પણ આત્મવિશ્વાસ વધી જાય છે. અભ્યાસ દરમિયાન સંશોધકોએ કસરત કરનાર અને ન કરનાર મહિલાઓ અને પુરૂષોને બે જુદા જુદા વર્ગમાં વિભાજિત કરી લીધા હતા. તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ કે જે મહિલાઓ નિયમિત રીતે કસરત કરી રહી હતી તે વધારે ખુબસુરત અને ફિટ હતી. તેમનામાં આત્મવિશ્વાસ પણ આસમાને હતો. જ્યારે કસરત ન કરનાર મહિલાઓ ઉદાસીન દેખાઇ છે. દરરોજ બ્રિસ્ક વોક અથવા તો જોગિંગથી સ્કીન પર ચમક આવે છે. કસરત વેળા હાર્ટ ઝડપથી પંપ કરે છે. આના કારણે લોહી સરક્યુલેશન વધે છે. આના કારણે સ્કીન સુધી ઓક્સિજન યુક્ત લોહી પહોચે છે. જે ડિટોક્સીફિકેશન અને કોષને નવા બનાવી દેવામાં ભૂમિકા અદા કરે છે. કાર્ડિયોવેસ્કુયલર એકસરસાઇઝ ઉપરાંત અન્ય ગતિવિધી જેના કારણે લોહી સરક્યુલેશન વધે છે તે કરવાથી ફાયદો થાય છે. સારી સ્કીન માટે પુરતા પ્રમાણમાં ઉંઘ જરૂરી છે. હકીકતમાં ઉંઘ દરમિયાન કેટલાક એવા હાર્મોન નિકળે છે જેના કારણે સ્કીનને ફાયદો થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કસરતથી લાઈફમાં પાંચ વર્ષનો ઉમેરો કરી શકાય છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બિનસક્રિય પુખ્તવયના લોકોની સરખામણીમાં સક્રિય રહેલા લોકો પાંચ વર્ષ વધારે આયુષ્ય ધરાવે છે. તેની લાઇફમાં પાંચ વર્ષનો વધારો કસરતથી થઈ જાય છે. એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો વધારે લાંબા સમય સુધી જીવે છે. કેનેડાના ઓનટારીયોમાં ક્વીન યુનિવર્સિટીના તબીબ અને સંશોધક જેનસેનનું કહેવું છે કે કસરતથી ઘણા લાભ થાય છે. આનાથી ફિટનેશને જાળવી રાખવામાં મદદ મળે છે. સાથે સાથે આયુષ્યમાં પણ વધારો થાય છે. કસરત નહીં કરનાર લોકોને સાવધાની રાખવા અને ઓછા પ્રમાણમાં પણ કસરત કરવાની પણ સલાહ આમા આપવામાં આવી છે. આ ટીમે અભ્યાસ કરતી વેળા નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન એક્ઝામીનેશન સર્વેના આંકડા ધ્યાનમાં લીધા હતા. આ ઉપરાંત નેશનલ હેલ્થ ઈન્ટરવ્યૂ સ્ટડીના આંકડા પણ લીધા હતા. જેમાં એક્ટીવ રહેતા અને એક્ટીવ નહીં રહેતા લોકોના મત લેવામાં આવ્યા હતા. એક્ટીવ અંગેની પરિભાષામાં જણાવવામાં આવ્યું છે કે એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની કસરત થવી જોઈએ. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૨૦ વર્ષની વયમાં પુરુષ મધ્યમ કસરતથી આયુષ્યમાં ૨.૪ વર્ષનો વધારો કરે છે. જ્યારે ૨૦ વર્ષની વયમાં મહિલાઓ ઓછી કસરત કરીને આયુષ્યમાં ત્રણ વર્ષનો વધારો કરે છે. પરંતુ ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો તેની લાઈફમાં પાંચ વર્ષનો વધારો કરી લે છે. સંશોધકોએ દાવો કર્યો છે કે અભ્યાસના હકારાત્મક સંદેશાઓ કસરતના મહત્વને સમજાવવામાં પણ મદદરૂપ થશે. કસરતથી ફિટનેશને પણ જાળવી શકાય છે. દિવસભરની ભાગદોડ બાદ અમારા શરીરની એનર્જી ખતમ થઈ જાય છે. અમે વારંવાર એવી ફરિયાદ કરીએ છીએ કે નવા કામને કરવાની હવે હિંમત રહી નથી. આવી ફરિયાદ વારંવાર કરતા લોકો જોવા મળે છે. આ વાસ્તવિકતા છે કે અમે સામાન્ય રીતે ઘણી લાપરવાહી પણ રાખીએ છીએ. જમવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને અમે ઘણી મુશ્કેલીઓને દૂર કરી શકીએ છીએ. ખાવા પીવાની ચીજવસ્તુઓ સાથે જોડાયેલી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આના કારણે રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. આરોગ્ય નિષ્ણાંતોનું કહેવું છે કે સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. શરીરના પોષણ મુજબ ધ્યાન આપવામાં આવે તે ખૂબ મહત્વપૂર્ણ છે. કેટલીક એનર્જીની જરૂર છે તે પણ મહત્વપૂર્ણ છે. બિન જરૂરી આડેધડ ડાઈટીંગ કરવાથી નુકસાન થાય છે. લાંબા સમય સુધી ખાવાની કોઈ ખાસ ચીજથી દૂર રહેવાની બાબત પણ યોગ્ય નથી આનાથી અમારા શરીરમાં એ ચીજવસ્તુથી મળનાર પોષક તત્ત્વોની કમી થઈ જાય છે જેથી સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. જરૂર કરતા વધુ પ્રમાણમાં ખાવાથી શરીરને નુકસાન થાય છે. વધુ પ્રમાણમાં ભોજન કરવાથી બચી ગયેલી ચીજવસ્તુ શરીરમાં ફેટના રૂપમાં જમા થાય છે. વધુ પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફેટ ખાવાની સ્થિતિમાં પણ યોગ્ય નથી. ફળ અને શાકભાજી કાર્બોહાઈડ્રેડથી ભરપૂર ચીજવસ્તુ છે. આમા પોષક તત્ત્વોનું પ્રમાણ ખૂબ વધારે રહે છે. આમા ફાઈબરની સાથે સાથે મિનરલ અને વિટામીન પણ ખૂબ વધુ પ્રમાણમાં હોય છે. ભોજનમાં જુદા જુદા રંગના ફળ અને શાકભાજીને આવરી લેવામાં આવે તેવી સલાહ આપવામાં આવી છે.

---

**દુષ્ટ પાડોશીઓને સમજાવવા માટે ભારતની સરકારોએ પોતપોતાની રીતે બધા પ્રયાસ કર્યા.**

# જયશંકરનો સીધો સંદેશ

- **આની પાછળ પાકિસ્તાની કુનીતિ સ્પષ્ટ હતી. તે સમજતું હતું કે, આતંકી કાર્યવાહી પાછળ પોતાને ઓછો ખર્ચ થશે, પરંતુ ભારતને નુકસાન પહોંચાડી શકે છે. તેની આ ચાલબાજી ૨૦૧૪ સુધી તો સમીસરખી ચાલી પણ પછી પાસાં અવળાં પડયાં.**

આપણા દેશની ફરતે આવેલા પાડોશીઓ નઠારાપણાની તમામ હદ વટાવે તેવા છે અને આ જ વાત વિદેશપ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં વ્યક્ત કરી. જયશંકરે મદ્રાસ આઈઆઈટીના છાત્રો સાથે સંવાદ દરમિયાન સ્પષ્ટ કહ્યું કે, ખરાબ પાડોશીઓની વાત આવે ત્યારે ભારતને પોતાના લોકોની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમણે એમ પણ કહી દીધું હતું કે, આતંકી હુમલાઓ કરાવતા પાડોશીને આપણા દેશની નદીનું પાણી માગવાનો હક રહેતો નથી. જયશંકરે એકદમ કટુસત્ય સૌની સામે મૂક્યું હતું કે, પાડોશીઓમાં એકમાત્ર પાકિસ્તાન જ એવો દેશ છે, જેને ભારતની નદીઓનું પાણી પણ જોઈએ છે અને આતંકીઓ મોકલીને નિર્દોષ નાગરિકોના લોહીની નદી પણ વહાવવી છે. આવાં બેવડાં ધોરણને હરગીજ સાંખી શકાય નહી.



દુષ્ટ પાડોશીઓને સમજાવવા માટે ભારતની સરકારોએ પોતપોતાની રીતે બધા પ્રયાસ કર્યા. પંડિત જવાહરલાલ નેહરુથી નરેન્દ્ર મોદી સુધીના વડા પ્રધાનોએ પાકિસ્તાનને નાનો ભાઈ માન્યો પણ દરેક વખતે ભારતને ભલમનસાઈનો જવાબ દુષ્ટતાથી મળ્યો. આજે સ્થિતિ એ છે કે, ભારત આ નઠારા પાડોશીને પાઠ ભણાવવા હંમેશાં તૈયાર રહે છે. આતંકવાદ પ્રત્યે પણ ભારતનું પાકિસ્તાન તરફનું વલણ અત્યંત સ્પષ્ટ અને રૂક્ષ છે. ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાને આત્મસમર્પણ કર્યું ત્યારે જ તેને સમજાઈ ગયું હતું કે, સીધા યુદ્ધમાં તે કદી પણ જીતી શકશે નહી અને એટલે જ ’છદ્મ યુદ્ધ’ એટલે કે આતંકવાદને શત્ર બનાવ્યું.

આની પાછળ પાકિસ્તાની કુનીતિ સ્પષ્ટ હતી. તે સમજતું હતું કે, આતંકી કાર્યવાહી પાછળ પોતાને ઓછો ખર્ચ થશે, પરંતુ ભારતને નુકસાન પહોંચાડી શકે છે. તેની આ ચાલબાજી ૨૦૧૪ સુધી તો સમીસરખી ચાલી પણ પછી પાસાં અવળાં પડયાં. મોદીની ટીમમાં અજિતકુમાર ડોભાલ જેવા અનુભવી જાસૂસોએ સમજી લીધું કે, હવે પાકિસ્તાનના આતંકવાદીઓને પાઠ ભણાવવાનો સમય આવી ચૂક્યો છે. મોદી સરકારની દરેક વાતે ટીકા કરતા તજજ્ઞોના એક વર્ગે એ વખતે એવી વાત આગળ રાખી હતી કે, જો પાકિસ્તાનની સરકાર તરફ કડક વલણ રખાશે તો સેના સરકાર ઊથલાવીને સત્તા મેળવી લેશે. જોકે, તેમનો આ કુતર્ક લાંબો સમય ચાલ્યો ન હતો કેમ કે, મોદી સરકાર એવું સમજાવવામાં સફળ રહી હતી કે, ભારતની સેના પાકિસ્તાનના લોકો, સરકાર કે સેના વિરુદ્ધ નથી માત્ર ત્યાંની ભૂમિ પર ઉછરી રહેલા આતંકીઓ વિરુદ્ધ છે. ભારત માને છે કે, આજે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા, બલુચિસ્તાન અને કરાચીમાંની આતંકી ઘટનાઓ પાછળ ખુદ ઈસ્લામાબાદની નીતિઓ જ જવાબદાર છે. ભારત દ્વારા જળસંધિ માનવા કે ન માનવાનો સવાલ છે ત્યાં સુધી આપણે એ વાતનો અહેસાસ કરાવવા સંધિ રોકી છે કે તે પંડિત જવાહરલાલ નેહરુની એ સહૃદયતાને સમજે કે જેમણે ૧૯૬૦માં દુષ્ટ પાડોશીને માત્ર એટલા માટે ૮૦ ટકા પાણી આપ્યું કે, તે ભારત સાથે શત્રુતાનો માર્ગ અપનાવે નહીં, પણ પરિણામ આપણી સામે છે. ભારત દુષ્ટ પાડોશી સાથે જ્યાં કઠોર વ્યવહાર કરે છે, તો અન્ય પાડોશીઓ માટે જરૂરત પડે ત્યારે ’પહેલા સગા’ના ન્યાયે ખડાપગે ઊભું રહેવાનું પણ જાણે છે.





# બ્લડિયર, ગ્રેટિયર, નીડરઃ ગ્લોબલ આઇકન પ્રિયંકા ચોપરાએ ધ બ્લફનો ક્રૂર પહેલો લુક રજૂ કર્યો

ગ્લોબલ આઈકન પ્રિયંકા ચોપરા અભિનીત હાઈ-ઓક્ટેન પાઈરેટ એપિક ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પ્રાઈમ વિડીયો પર રિલીઝ થવાની તૈયારીમાં છે.

ગ્લોબલ આઈકન ઈંપ્રિયંકાચોપરાએ તેની આગામી હોલીવુડ ફિલ્મ ધ બ્લફનો ફર્સ્ટ લુક રજૂ કર્યા પછી ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે, જેનાથી પ્રેક્ષકોને તેના અત્યાર સુધીના સૌથી કાચા, તીવ્ર અને લોહીથી લથપથ અવતારોમાંના એકનો પરિચય થયો છે. ઈન્સ્ટાગ્રામ પર, ક્વીન બીએ ફિલ્મના આકર્ષક દ્રશ્યો કેપ્શન સાથે શેર કર્યાઃ "માતા. રક્ષક. પાઈરેટ. બ્લડી મેરીને મળો ઈંધબ્લફ ફેબ્રુઆરી. ૨૫. ૨૦૨૬ ફક્ત @primevideo @KarlUrban @primemovies પર."

આ તસવીરોમાં પ્રિયંકા એર્સેલ "બ્લડી મેરી" બોડન તરીકે દેખાય છે - ઉગ્ર, યુદ્ધથી કંટાળેલી અને અડગ - જે અસ્તિત્વ, ક્રોધ અને શક્તિમાં મૂળ ધરાવતા પાત્રનો સંકેત આપે છે. સહ-અભિનેતા કાર્લ અર્બન સાથે ક્રૂર લડાઈમાં બંધાયેલી, તેનો દેખાવ અને શારીરિકતા એક એવી ફિલ્મને પ્રતિબિંબિત કરે છે જે પરંપરાગત ચાંચિયાઓની વાર્તા કરતાં વધુ ઘાટા, લોહીલુહાણ અને વધુ કઠોર બનવાનું વચન આપે છે.

લગભગ તરત જ, નેટીઝન્સે સોશિયલ મીડિયા પર પ્રશંસા કરી, તેણીની કમાન્ડિંગ સ્ક્રીન હાજરી અને નિર્ભય પરિવર્તનને બિરદાવ્યું. ઘણા લોકોએ તેણીના દેખાવને "ભયાનક રીતે શક્તિશાળી" ગણાવ્યો, જ્યારે અન્ય લોકોએ તેણીના દરેક વૈશ્વિક પ્રોજેક્ટ સાથે સતત સીમાઓ આગળ વધારવાની તેણીની ક્ષમતાની ઉજવણી કરી.ધ બ્લફ સાથે, ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા ફરી એકવાર સાબિત કરે છે કે તે શા માટે વૈશ્વિક સિનેમામાં સૌથી પ્રચંડ શક્તિઓમાંની એક છે - એક રાણી જે તેના હાથ લોહીલુહાણ થવાથી, તેના બખ્તરમાં તિરાડ પડવાથી અને તેના અભિનયને અવિસ્મરણીય બનાવવાથી ડરતી નથી.



# આપણે પણ અક્ષય ખન્નાની જેમ ૬ વર્ષ સુધી ઘરે બેસવું જોઈએ

## નેહા ધુપિયાએ કામ ન મળવાથી વધતી એંક્ઝાઇટી વિશે વાત કરી

નેહા ધુપિયાને તેની પરફેક્ટ ફેમિલી અને સિંગલ પાપા સિરીઝને કારણે તાજેતરમાં ઘણી પ્રશંસા મળી રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે ફિલ્મી દુનિયાની અનિશ્ચતતાઓ અંગે વાત કરી હતી, તેણે કહ્યું કે સારું કામ કરવાથી પણ સતત કામ મળતું રહેશે, તેની કોઈ ગેરંટી હોતી નથી. તેણે કહ્યું કે ત્રણથી ચાર વર્ષ કામ વિના બેસી રહેવાથી તેને પણ એંક્ઝાઈટી વધી જાય છે.

નેહાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, ''હું જ્યારે કામ ન કરતી હોય ત્યારે મને પણ એંક્ઝિટી થાય છે. ઈન્ડસ્ટ્રીમાં ૨૦ વર્ષ વિતાવ્યા પછી પણ હું અંધારામાં ઓશિકામાં માથું નાખીને રડતી હોઉં છું. હજુ ત્રણ દિવસ પહેલાં જ એવું થયું હતું. મારા પોતાનાં પણ કારણો હોઈ શકે છે, કઈ સાંભળે છે કે નહીં, ખબર નહીં. મને આ કામ અને ફિલ્મો ગમે છે, તેથી મારે રોદણાં રડવાની કોઈ ઈચ્છા નથી. મને લાગે છે કે એ મને નિઃરાશ તો નહી કરે.''

નેહાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાંથી તમને હંમેશા મજબુત રહેવાની સલાહ મળે છે, પરંતુ વારંવાર કામ ન મળે તો તમે અકળાઈ જાઓ છો. નેહાએ કહ્યું, ''આ સ્થિતિ કપરી થઈ જાય છે. લોકો કહે છે કે તમારે જાડી ચામડીનું થવું પડશે, પરંતુ બધું જ અસર કરે છે. ખાસ તો જો બાબતની સૌથી વધુ અસર થાય છે -તમે નવરા બેઠાં છો અને બીજાં બધાં જ કામ કરે છે. તમે જીવન એમ જ પસાર થતું જુઓ છો. મારામાં અને નવોદિતોમાં એ જ ફરક છે મને ખબર છે કે આ સમયનો સામનો કઈ રીતે કરવાનો, હું પણ ઘણી વખત અકળાઈ જઉં છું.''

નેહાએ આગળ જણાવ્યું, ''૩-૪ વર્ષ સુધી જ્યારે કોઈ કામ ન મળે તો હું થાકી જઉં છું, પરંતુ ભગવાનની દયાથી હું ક્યારેય કામ વગર બેસી રહી નથી કારણ કે હું એકસાથે ઘણા કામ કરું છું. આ થકવી દે એવું છતાં ઘણા સારા પરિણામ આપતું કામ છે. કશુંક તો ચાલતું રહેવું જોઈએ. જો મને છેલ્લા બે પ્રોજેક્ટના આધારે આગળ કામ ન મળે તો એનો કોઈ મતલબ નથી. કામથી બીજું સારુ કામ મળે છે, ખબર નહીં, ક્યારેક મળતું હશે..પછી તમારી સામે અક્ષય ખન્ના જેવા ઉદાહરણ આવી જાય છે અને વિચાર આવે છે, આપણે પણ છ વર્ષ ઘેર બેસી જઈએ. માત્ર એ આશામાં કે એક કામથી બીજું કામ મળશે.''



# દીપિકા પાદુકોણ હવે રોમેન્ટિક કોમેડી ફિલ્મ કરવા માગે છે

એક્ટર દીપિકા પાદુકોણ ૫ જાન્યુઆરીએ ૪૦ વર્ષ પૂરાં કર્યાં છે, તેના આ જન્મદિવસની ઉજવણી પહેલાં તેણે એક ફૅનમીટનું આયોજન કર્યું હતું. જેનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેણે રોમ-કોમમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમાં તેના ફૅને આ ફિલ્મ તે રણવીર સિંહ, રિતિક રોશન કે શાહરુખ ખાન સાથે કરે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

દીપિકાને જ્યારે તે રોમકોમમાં ક્યારે કામ કરશે એવું પૂછાયું તો જવાબમાં તેણે કહ્યું, ''મને આશા છે કે બહુ જલ્દી. જેમ તમે બધાં જ જાણો છો કે આ મારું સૌથી ગમતું જોનર છે, એક દર્શક તરીકે પણ અને એક કલાકાર તરીકે પણ. મને થોડું એવું થાય છે કે હાલનો માહોલ કે વાતાવરણ એવો છે..કે દર્શકોને હાલ કશુંક અલગ જોઈએ છે. પરંતુ તમારામાંથી વધારે દર્શકોને રોમકોમ જોવી હોય તો, તો મને લાગે છે કે મોટા ભાગના દર્શકોને પણ એવી ઈચ્છા હશે.''કેટલાંક લોકોઆ આ વખતે દીપિકાને રિતિક રોશન સાથે કામ કરે એવી કે પછી બે હિરોની સ્ટોરીવાળી ફિલ્મ કરે એવી ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. લોકોએ તેને શાહરુખ, રણવીર સિંહ અથવા રિતિક સાથે કામ કરવાની પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. તો આ વખતે દીપિકાએ કહ્યું હતું, ''ધુરંધરને બધું તો બરાબર છે.''ત્યારે દીપિકાએ લોકોને એમ પણ પૂછ્યું હતું કે તેણે ઓટીટી પર રોમકોમ કરવી જોઈએ કે પછી થિએટરમાં રિલીઝ થવી જોઈએ. સાથે દીપિકાએ એમ પણ કહ્યું હતું કે હાલ ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ આવી હળવી ફિલ્મને સહકાર આપવામાં રસ લેતા નથી. તેણે કહ્યું, ''આ એક એવો વિષય છે, જેના માટે મારી ટીમ અને હું પણ સતત કશુંક શોધ્યાં કરીએ છીએ. અમે સતત કોઈ ડ્રામા, લવ સ્ટોરી કે રોમકોમ જેવા જોનરની ફિલ્મ શોધ્યા કરીએ છીએ. પણ મને લાગે છે કે ઘણા ઓછા પ્રોડ્યુસર્સ આ પ્રકારની ફિલ્મ બનાવે છે અથવા તો ઘણા ઓછા લેખકો આવી ફિલ્મ લખી રહ્યા છે.''

દીપિકા છેલ્લે કલકિ ૨૮૯૮ એડી અને પછી સિંઘમ અગેઇનમાં જોવા મળી હતી. હવે તે શાહરુખ સાથે સિદ્ધાર્થ આનંદની કિંગમાં કામ કરી રહી છે અને પછી અટલીની અલ્લુ અર્જુન સાથેની સાઈ ફાઈ ફિલ્મમાં પણ કામ કરી રહી છે.

## દીપિકાએ કહ્યું કે આજકાલ મેકર્સ લવસ્ટોરી અને રોમેન્ટિક ફિલ્મ બનાવતા નથી

# સલમાન ડિજીટલ પ્લેટફર્મના જાણીતા મેકર્સ રાજ & ડીકે સાથે એક્શન કોમેડી ફિલ્મ કરશે

## પોલિસ, સ્પાય અને વોર હિરોની ફિલ્મો પછી સલમાન હવે એક્શન કોમેડી કરશે



સલમાન ખાન હાલ તેની આવનારી ફિલ્મ બેટલ ઓફ સગલવાનમાં વ્યસ્ત છે, પરંતુ તેના પછી તે રાજ એન્ડ ડીકે સાથે એક એક્શન કોમેડી ફિલ્મ અંગે ચર્ચાઓના તબક્કામાં છે. રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિકે ઓટીટી અને એક્શન થ્રિલરની દુનિયાના જાણીતા મેકર્સ છે. આ અંગે કોઈ પ્રકારની માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવી ચર્ચા છે કે સલમાન ખાન લાંબા સમય પછી ફરી એક વખત એક્શન કોમેડી ફિલ્મ કરવા વિચારી રહ્યો છે. આ અંગેના અહેવાલો અનુસાર, હજુ આ ચર્ચા પ્રારંભિક તબક્કામાં છે. રાજ અને ડિકે એક્શન ફિલ્મમાં પણ ધારદાર હાસ્ય ઉમેરવા માટે જાણીતા છે, જો બધું યોગ્ય દિશામાં ચાલ્યું તો તેઓ એક મોટા સ્કેલની ફિલ્મ બનાવવા માગે છે. જો આ ચર્ચાઓ સફળ રહી તો સલમાન પહેલી વખત રાજ અને ડિકે સાથે કામ કરશે. રાજ અને ડિકે માટે પણ એક નોંધપાત્ર કમર્શીયલ ફિલ્મ હશે.આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''સલમાન ખાને પ્રાથમિક વાર્તા સાંભળી હતી અને તેને રસ પણ પડ્યો છે. ભલે આ એક એક્શન ફિલ્મ હોવા છતાં સલમાન તેમાં અલગ અંદાજમાં જોવા મળશે. જોકે, હજુ તેણે આખરી સંમતિ આપી નથી. જો બધું સમું સૂતરું રહ્યું અને સલમાન આ ફિલ્મ કરશે તો મેકર્સ ૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મનું શૂટ શરૂ થઈ જશે. હાલ તો બધું સ્ક્રિપ્ટ અને અન્ય સર્જનાત્મક બાબતો પર કામ કરવાના તબક્કામાં છે.''હજુ તેની ચર્ચાઓ પ્રાથમિક તબક્કામાં હોવાથી કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી. એક વખત સ્ક્રિપ્ટ અને ફિલ્મ કઈ રીતે બનાવવી છે, તે બધું બિલકુલ નક્કી થઈ જાય પછી જાહેરાત થઈ શકે છે. બંને પક્ષ ઈચ્છે છે કે દર્શકોને કશુંક નવું જોવા મળે સાથે જ સામાન્ય જનતા અને સલમાનના ફૅનને પણ એ જોવામાં મનોરંજન મળે.હાલ તો સલમાન બેટલ ઓફ ગલવાનનાં કામમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૫ જુન ૨૦૨૦ના રોજ ગલવાન ખીણમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલી અથડામણ પર આધારીત છે. જેમાં ૨૦૦ સૈનિકોએ ૧૨૦૦ ચાઈનીઝ સૈનિકોનો સામનો કર્યો હતો. આ ફિલ્મ અપુર્વ લાખિયાએ ડિરેક્ટ કરી હતી. તેમાં ચિત્રાંગદા સિંઘ પણ લીડ રોલમાં છે. આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૬માં રિલીઝ થઈ શકે છે. તાજેતરમાં જ રાજ અને ડીકેની ફેમિલી મન ૩ આવી ચુકી છે અને તેના બીજા ભાગની રાહ જોવાઈ રહી છે.

# દેશભક્તિ ફિલ્મ માટે સની દેઓલે ૫૦ કરોડ ફી લીધી?

બોર્ડર-૨ની સ્ટાર કાસ્ટે કેટલી ફી લીધી? તે અંગે મીડિયામાં અનેક અહેવાલો સામે આવ્યા છે. જો કે, અમે તે આંકડાની પુષ્ટિ કરતા નથી.

૨૦૨૬ની સૌથી મોટી ફિલ્મોમાંની એક "બોર્ડર ૨"ને લઈને ફેન્સ ઉત્સાહિત છે. સની દેઓલ અભિનીત આ દેશભક્તિ ફિલ્મ ૨૩ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મની રિલીઝ પહેલા તેનું આઈકોનિક ગીત "સંદેસે આતે હૈં" રિલીઝ થઈ ગયું છે, જેનાથી બોર્ડરની યાદો તાજા થઈ ગઈ છે. જાણો આ ફિલ્મ માટે કોણે કેટલી ફીસ લીધી છે?

સની દેઓલ

મીડિયા રિપોર્ટ અનુસાર સની દેઓલે અનુરાગ સિંહના દિગ્દર્શન હેઠળની ફિલ્મ 'બોર્ડર ૨' માટે સૌથી વધુ ફી લીધી છે. અભિનેતાએ આ ફિલ્મ માટે ૧૦ કે ૨૦ કરોડ રૂપિયા નહીં, પરંતુ ?૫૦ કરોડ ચાર્જ કર્યા છે.

દિલજીત દોસાંઝ

સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ યુદ્ધ નાટક ફિલ્મ બોર્ડરમાં એક નવું આકર્ષણ ઉમેરી રહ્યા છે. દિલજીતે આ ફિલ્મમાં માત્ર મુખ્ય ભૂમિકા જ ભજવી નથી, પરંતુ તેના કેટલાક ગીતો પણ ગાયા છે. અહેવાલો અનુસાર, તેમણે આ ફિલ્મ માટે ?૪ થી ૫ કરોડ ફી લીધી છે.

વરુણ ધવન

આ ફિલ્મમાં વરુણ ધવન પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. એવું જાણવા મળ્યું છે કે વરુણે આ ફિલ્મમાં પોતાની ભૂમિકા માટે ?૮થી ?૧૦ કરોડ ફી લીધી છે. તે પોતાના દમદાર અભિનયથી ફેન્સને પ્રભાવિત કરવા માટે તૈયાર છે. જોકે, અમે કોઈપણ અભિનેતાની ફીની પુષ્ટિ કરી શકતા નથી, કારણ કે ફિલ્મની ટીમે સત્તાવાર રીતે તેનો ખુલાસો કર્યો નથી.

અહાન શેટ્ટી

સુનીલ શેટ્ટીનો પુત્ર અહાન શેટ્ટી પણ બોર્ડર ૨માં પોતાના દમદાર અભિનયથી ફેન્સને મંત્રમુગ્ધ કરવા માટે તૈયાર છે. જોકે, તેની ફી અંગે હજુ સુધી કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

# મને ફિલ્મમાંથી બહાર કરી દેવાઇ તે અંગે નિર્માતાએ 'કમ સે કમ જાણ તો કરવી જોઈએઃ નિના ગુપ્તા



## રીપ્લેસ થવા અંગે ઇન્સ્ટાગ્રામ પરથી થતાં નીના ગુપ્તાને વધુ આઘાત લાગ્યો

ફિલ્મી દુનિયાની અનિશ્ચિતતા એવી છે કે અહીં અનુભવી કલાકારોને પણ ક્યારેક એવી ક્ષણોનો સામનો કરવો પડે છે, જે તેમની ભાવનાત્મક ક્ષમતાની કસોટી લઈ લે છે. વરિષ્ઠ અભિનેત્રી નીના ગુપ્તાએ તાજેતરમાં એક ટોક શોમાં એવો જ એક અનુભવ શેર કર્યો, જેમાં તેમણે જણાવ્યું કે ફિલ્મમાંથી તેમને રીપ્લેસ કરી દેવામાં આવ્યા હોવાની જાણ તેમને ઈન્સ્ટાગ્રામ મારફતે થઈ હતી.

નીના ગુપ્તાએ પોતાની વાત શરૂ કરતાં કહ્યું, ''એક ફિલ્મ માટે મને બોલાવવામાં આવી હતી અને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે 'તમારે જ આ રોલ કરવાનો છે, જવાબમાં મેં પણ સંમતિ આપી હતી'' નિર્માતાઓ તેમની સાથે શૂટિંગની તારીખો અને મહેનતાણાં અંગે ચર્ચા પણ કરી હતી, પરંતુ થોડા દિવસો બાદ, તેમણે કહ્યું, ''હું ઈન્સ્ટાગ્રામ જોઈ રહી હતી ત્યારે મેં જોયું કે મારી ઉંમરની એક અભિનેત્રી તેમની ઓફિસમાં જઈ રહી હતી''

થોડા જ સમયમાં સ્પષ્ટ થઈ ગયું કે મને જે ભૂમિકા સોંપાઈ હતી તે હવે અન્ય અભિનેત્રીને આપી દેવામાં આવી હતી. ''મને ખબર પડી કે મારી જગ્યાએ તેને લઈ લેવામાં આવી છે,'' નીનાએ કહ્યું. આ બાબતે મૌન રહેવાને બદલે તેમણે સીધો સંવાદ સાધવાનો નિર્ણય લીધો. ''મેં તેમને મેસેજ મોકલ્યો અને કહ્યું કે ઓછામાં ઓછું જાણ તો કરવી જોઈતી હતી. ઠીક છે, તમારો વિચાર બદલાયો હશે અને તમને લાગ્યું હશે કે એ અભિનેત્રી આ ભૂમિકા માટે વધુ યોગ્ય છે.''

નિર્માતાની તરફથી પણ પરિપક્વ પ્રતિભાવ મળ્યો હતો. નીનાએ જણાવ્યું, ''તેમણે જવાબમાં કહ્યું કે 'માફ કરશો, મારી ભૂલ થઈ. મારે તમને જણાવવું જોઈતું હતું.' હવે અમારી વચ્ચે કોઈ કડવાશ નથી; અમે મિત્ર તરીકે જ છીએ.'' તેમ છતાં, કોઈ સૂચના વિના ફિલ્મમાંથી બદલી નાખવામાં આવવું ભાવનાત્મક રીતે આઘાત પહોંચાડે એવું હોય છે. સંબંધો બગાડ્યા વિના, શાંતિપૂર્વક અને સંયમિત રીતે પોતાની વાત રજૂ કરવાની નીના ગુપ્તાની રીત સૌજન્ય, પરિપક્વતા અને આત્મસન્માનનો ઉત્તમ પાઠ આપે છે.

# ઓસ્ટ્રેલિયાએ સિડનીમાં ઇંગ્લેન્ડને ૫ વિકેટથી હરાવ્યું, એશિઝ ૪-૧થી જીતી; ખ્વાજા નિવૃત્ત




સિડનીમાં રમાયેલી પાંચમી અને અંતિમ એશિઝ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડને પાંચ વિકેટથી હરાવ્યું. ઇંગ્લેન્ડની ટીમે ૧૬૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જે ઓસ્ટ્રેલિયાએ પાંચમા દિવસે ૩૧.૨ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો.

આ સાથે ઓસ્ટ્રેલિયાએ એશિઝ શ્રેણી ૪-૧થી જીતી લીધી. ઓસ્ટ્રેલિયાએ પર્થમાં રમાયેલી પહેલી ટેસ્ટ આઠ વિકેટથી અને ગાબામાં રમાયેલી બીજી ટેસ્ટ આઠ વિકેટથી જીતી હતી.

ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં ત્રીજી ટેસ્ટ ૮૨ રનથી જીતીને ૩-૦ની અજેય લીડ મેળવી. મેલબોર્નમાં ચોથી ટેસ્ટમાં ઇંગ્લેન્ડે વાપસી કરી, ઓસ્ટ્રેલિયાનો ઘરઆંગણે વિજયનો સિલસિલો તોડ્યો. મેલબોર્નમાં ઇંગ્લેન્ડે ચાર વિકેટથી વિજય મેળવ્યો. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પાંચમી ટેસ્ટ જીતીને ઇંગ્લેન્ડને ક્લીન સ્વીપ કર્યું અને શ્રેણીમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું.

સિડની ટેસ્ટ શરૂ થાય તે પહેલાં જ, ખ્વાજાએ પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય જાહેર કરી દીધો હતો. તેમણે કહ્યું હતું કે સિડની ટેસ્ટ તેમનો છેલ્લો હશે. સમગ્ર શ્રેણી દરમિયાન તેમનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું, જેના કારણે ટીકા પણ થઈ હતી.

પાકિસ્તાનમાં જન્મેલા અને મુસ્લિમ, ખ્વાજાની કારકિર્દી ક્રિકેટ સિદ્ધિઓથી તેટલી છે જેટલી વિવાદ અને ચર્ચાથી ભરેલી રહી છે. આ એશિઝ શ્રેણી શરૂ થયા પહેલાથી જ ખ્વાજા વિવાદોમાં ફસાયેલા છે.

# વિજય હઝારે ટ્રોફીમાં ચિંતન ગજાની ૧૦૦ વિકેટ

## આ ટુર્નામેન્ટમાં ૧૦૦ વિકેટ લેનારો ગુજરાતનો પ્રથમ બોલર



હાલમાં રમાઈ રહેલી વિજય હઝારે ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં મંગળવારે ગુજરાતની ટીમના કેપ્ટન અને ઝડપી બોલર ચિંતન ગજાએ ઓડિશા સામે છ વિકેટ ઝડપી હતી. આ મેચમાં તેણે પોતાની પહેલી વિકેટ ઝડપી તે સાથે જ ચિંતન હઝારે ટ્રોફીમાં ૧૦૦ વિકેટ લેનારો ગુજરાતનો પ્રથમ બોલર બની ગયો હતો. હઝારે ટ્રોફીની આ મેચ શરૂ થઈ તે અગાઉ ચિંતને ૯૯ વિકેટ ઝડપી હતી. આ સિદ્ધિ હાંસલ કરનારો તે ભારતનો ૨૦મો બોલર બન્યો છે. જોકે ૧૦૫ વિકેટ સાથે તે હવે ૧૫મા ક્રમે આવી ગયો છે.

હઝારે ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સ. ૧. સિદ્ધાર્થ કૌલ (૧૫૫), પીયૂષ ચાવલા (૧૪૨), આર. વિનયકુમાર (૧૩૫), શાહબાઝ નદીમ (૧૩૫), રિશી ધવન (૧૩૪), અમિત મિશ્રા (૧૩૨), આર. શુક્લા (૧૨૪), જયદેવ ઉનડકટ (૧૨૨), ધર્મેન્દ્રસિંહ જાડેજા (૧૧૮), ધવલ કુલકર્ણી (૧૧૫), કર્ણ શર્મા (૧૧૩), વરુણ એરોન (૧૧૨), લક્ષ્મીરતન શુક્લા (૧૦૯), શ્રેયસ ગોપાલ (૧૦૮), ચિંતન ગજા (૧૦૫), હર્ષલ પટેલ (૧૦૫), સુનીલ જોશી (૧૦૩), મુરાસિંઘે (૧૦૩), અશોક ડિન્ડા (૧૦૨). ગુજરાત માટે ચિંતન ગજાની ૧૦૫ વિકેટ બાદ અરઝાન નાગવાસવાલાએ ૮૭, પીયૂષ ચાવલાએ ૭૩,, ઋશ કલેરિયાએ ૫૯, સિદ્ધાર્થ ત્રિવેદીએ ૫૩ અને અક્ષર પટેલે બાવન વિકેટ ઝડપી છે.

વિજય હઝારે ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમે તેની વિજયકૂચ આગળ ધપાવતાં મંગળવારે રમાયેલી મેચમાં ઓડિશા સામે ૨૩૩ રનના વિશાળ અંતરથી મેચ જીતી લીધી હતી. બેંગલોર ખાતે રમાયેલી મેચમાં ઓડિશાએ ટોસ જીતીને હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ગુજરાતે તેની ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૩૩ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યા બાદ ઓડિશાને ૨૮.૧ ઓવરમાં માત્ર ૧૦૦ રનમાં આઉટ કરી દીધું હતું. ગુજરાતના વિજયમાં ઓપનર આર્ય દેસાઈના ૫૪, ઉર્વિલ પટેલના ૪૯ બોલમાં ૬૪, અક્ષર પટેલના ૬૦ બોલમાં ૭૩ અને સૌરવ ચૌહાણના ૨૬ બોલમાં ૪૪ રન સામેલ હતા તો ચિંતન ગજાએ ૩૧ રનમાં છ વિકેટ ઝડપી હતી. ચિંતન ગજાને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.




# શ્રેયસ અય્યર સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ડિસ્ચાર્જ

## ન્યુઝીલેન્ડ સામે વનડે સીરિઝ રમવા માટે ફિટ, પહેલી મેચ વડોદરામાં ૧૧ જાન્યુઆરીએ રમાશે

ટીમ ઈન્ડિયાના ઉપકપ્તાન શ્રેયસ અય્યર ન્યુઝીલેન્ડ સામે વનડે શ્રેણી રમવા માટે સંપૂર્ણપણે ફિટ થઈ ગયા છે. બુધવારે તેમનું રિહેબ પૂરું થયું અને તેમને BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર BCCIના સેન્ટ્રલ એક્સેલન્સના પ્રમુખ VVS લક્ષ્મણે ચીફ સિલેક્ટર અજીત અગરકરને ઈમેઈલ કરીને જણાવ્યું કે અય્યરનું રિહેબ પૂરું થઈ ગયું છે અને તેમને રિલીઝ કરવામાં આવ્યા છે.૩૧ વર્ષીય અય્યરને ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. પરંતુ, તેમને પોતાની મેચ ફિટનેસ સાબિત કરવાની હતી. અય્યરે એક દિવસ પહેલા વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ તરફથી હિમાચલ પ્રદેશ સામે ૮૨ રનની ઈનિંગ રમીને પોતાની ફિટનેસ સાબિત કરી હતી.અય્યરને ૩ જાન્યુઆરીએ ન્યુઝીલેન્ડ સામેની વનડે ટીમ માં સામેલ કરવામાં આવ્યા હતા. તેમણે ગયા મહિનાના છેલ્લા અઠવાડિયામાં નિયમિત જિમ અને ફિટનેસ રૂટિન શરૂ કર્યું હતું. ત્યારે તેમના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા હતા.શ્રેયસ અય્યર ન્યુઝીલેન્ડ સામે પહેલી વનડે મેચ રમી શકે છે. આ મેચ વડોદરામાં ૧૧ જાન્યુઆરીએ રમાવાની છે. તે પછી ૧૪મીએ રાજકોટ અને ૧૮મીએ ઈન્દોરમાં વનડે મેચ રમાશે. અય્યર ટી-૨૦ સિરીઝ માટે ભારતીય ટીમનો ભાગ નથી.અય્યર ૨૫ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડેમાં ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સિડનીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને સ્પ્લીનની ઈજા થઈ હતી, જેમાંથી સાજા થવામાં તેમને ૩ મહિનાનો સમય લાગ્યો હતો.

# WPL સીઝન ૪નો કાલથી આગાઝ : ૨૮ દિવસમાં ૨૨ મેચ

## મુંબઈમાં MI અને RCB વચ્ચે શરૂઆતનો મુકાબલો; ૨ ટીમોએ કેપ્ટન બદલ્યા, એલિમિનેટર ૩ ફેબ્રુઆરીએ વડોદરામાં અને ફાઇનલ ૫ ફેબ્રુઆરીએ યોજાશે




મહિલા પ્રીમિયર લીગની ચોથી સીઝન ૯ જાન્યુઆરીથી શરૂ થવાની છે. પહેલી મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે સાંજે ૭:૩૦ વાગ્યે નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમ ખાતે રમાશે.

૨૮ દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટમાં પાંચ ટીમો વચ્ચે ૨૨ મેચ રમાશે. એલિમિનેટર ૩ ફેબ્રુઆરીએ વડોદરામાં અને ફાઇનલ ૫ ફેબ્રુઆરીએ યોજાશે. આ મેચો બે સ્થળોએ રમાશે. નવી સીઝન પહેલા પાંચમાંથી બે ટીમોએ પોતાના કેપ્ટન બદલાયા છે.

WPL હંમેશની જેમ લીગ ફોર્મેટમાં રમાશે. પાંચેય ટીમો એકબીજા સામે બે-બે મેચ રમશે. આનો અર્થ એ થયો કે દરેક ટીમ ટુર્નામેન્ટમાં આઠ મેચ રમશે. લીગ સ્ટેજ સમાપ્ત થયા પછી, પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેનારી ટીમ સીધી ફાઇનલમાં પહોંચશે. બીજા અને ત્રીજા ક્રમાંકિત ટીમો વચ્ચે એલિમિનેટર હશે, જેમાંથી વિજેતા પણ ફાઇનલમાં પહોંચશે. ચોથા અને પાંચમા ક્રમાંકિત ટીમો બહાર થઈ જશે.

ત્રણ સીઝનથી, WPL માં એક પણ ડબલહેડર નથી, એટલે કે એક દિવસમાં બે મેચ. જો કે, આ વખતે શેડ્યૂલમાં બે ડબલહેડરનો સમાવેશ થાય છે. બંને શનિવારે ઉઢ પાટિલ સ્ટેડિયમ ખાતે યોજાશે. પહેલો ડબલહેડર ૧૦ જાન્યુઆરીએ અને બીજો ૧૭ જાન્યુઆરીએ રમાશે.

આ વખતે, ટુર્નામેન્ટ ચારને બદલે બે સ્થળોએ રમાશે. મુંબઈનું ડીવાય પાટિલ સ્ટેડિયમ પ્રથમ ૧૧ મેચનું આયોજન કરશે, જ્યારે વડોદરાનું કોટંબી સ્ટેડિયમ અંતિમ ૧૧ મેચનું આયોજન કરશે. બંને પ્લેઓફ મેચ પણ વડોદરામાં યોજાશે.

એક ટીમના પ્લેઈંગ ઈલેવનમાં વધુમાં વધુ ચાર વિદેશી ખેલાડીઓ હોઈ શકે છે. બાકીના સાત ખેલાડીઓ ભારતના હોવા જોઈએ. જો કોઈ ટીમ તેના પ્લેઈંગ ઈલેવનમાં એસોસિયેટ દેશના ખેલાડીનો સમાવેશ કરે છે, તો તેમની પાસે પાંચ વિદેશી ખેલાડીઓને મેદાનમાં ઉતારવાનો વિકલ્પ છે.

ચોથી સિઝનમાં ફક્ત પાંચ ટીમો ભાગ લઈ રહી છે: મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, દિલ્હી કેપિટલ્સ, યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ. મુંબઈ, ગુજરાત અને બેંગ્લોર સિવાય, બાકીની બધી ટીમોએ પોતાના કેપ્ટન બદલ્યા છે. દિલ્હીની કેપ્ટનશીપ જેમીમા રોડ્રિગ્ઝ કરશે. ઉત્તર પ્રદેશની કેપ્ટનશીપ મેગ લેનિંગ કરશે, જેમણે અગાઉ ત્રણેય સિઝનમાં દિલ્હીને ફાઇનલમાં પહોંચાડ્યું હતું.

ત્રણેય સીઝનની જેમ, વિજેતા ટીમને ૬ કરોડનું ઈનામ મળશે. રનર-અપ ટીમને ૩ કરોડ મળશે. ટુર્નામેન્ટના શ્રેષ્ઠ બેટ્સમેન, શ્રેષ્ઠ બોલર, ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડી, સૌથી વધુ છગ્ગા અને શ્રેષ્ઠ સ્ટ્રાઈક રેટને ૫ લાખ મળશે.

# ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીની તાબડતોડ સેન્ચુરી:૭૪ બોલમાં ૧૨૭ રનની ઈનિંગ

## ૧૦ છગ્ગા, ૯ ચોગ્ગા ફટકારી સા. આફ્રિકાની હવા કાઢી; યુ-૧૯ વનડેમાં કોહલીથી માત્ર ૫ રન પાછળ



વૈભવ સૂર્યવંશીએ સાઉથ આફ્રિકા સામેની ત્રીજી અંડર-૧૯ વનડેમાં ૬૩ બોલમાં સદી ફટકારી હતી. તેની આ ઈનિંગની મદદથી ભારતે ૨૩૩ રનની મોટી જીત મેળવી હતી. આ જીત સાથે જ ટીમ ઈન્ડિયાએ ૩ મેચની સિરીઝ ૩-૦થી પોતાના નામે કરી લીધી છે. વૈભવ સૂર્યવંશીએ આ સિરીઝમાં કેપ્ટનશીપ પણ કરી હતી.

૧૪ વર્ષીય વૈભવે ૭૪ બોલમાં ૧૨૭ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૧૦ છગ્ગા અને ૯ ચોગ્ગા ફટકાર્યા હતા. વૈભવે આરોન જ્યોર્જ સાથે ૨૨૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. આરોન જ્યોર્જે ૧૧૮ રન બનાવ્યા હતા.

બેનોનીના વિલોમૂર પાર્ક સ્ટેડિયમમાં ભારતે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૩૯૩ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૩૫ ઓવરમાં ૧૬૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કિશન સિંહે ૩ વિકેટ ઝડપી હતી. વૈભવને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. તે 'પ્લેયર ઓફ ધ સિરીઝ' પણ રહ્યો હતો.

વૈભવ સૂર્યવંશી અંડર-૧૯ વનડે ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનારા બેટર્સની યાદીમાં વિરાટ કોહલીથી માત્ર ૫ રન પાછળ છે. તેણે ૧૮ મેચમાં ૯૭૩ રન બનાવ્યા છે, જ્યારે કોહલીએ ૨૮ મેચમાં ૪૬.૫૭ની સરેરાશથી ૯૭૮ રન બનાવ્યા હતા. અત્યાર સુધી વૈભવની સરેરાશ (૫૪.૦૫) વિરાટ કરતા સારી છે. આ યાદીમાં સૌથી વધુ રન વિજય જોલના નામે છે. વિજયે ૩૬ મેચમાં ૧૪૦૪ રન બનાવ્યા છે. યશસ્વી જયસ્વાલ (૧૩૮૬ રન) બીજા અને તન્મય શ્રીવાસ્તવ (૧૩૧૬ રન) ત્રીજા ક્રમે છે. ઉન્મુક્ત ચંદ, સરફરાઝ ખાન અને શુભમન ગિલ પણ આ યાદીમાં વૈભવથી ઉપર છે.

આ પહેલા વૈભવે સોમવારે સાઉથ આફ્રિકાની અંડર-૧૯ ટીમ સામે ૧૯ બોલમાં ફિફ્ટી બનાવી હતી. તેણે ૨૪ બોલમાં ૬૮ રનની ઈનિંગ રમી. આ ઈનિંગમાં તેણે ૧૦ છગ્ગા અને એક ચોગ્ગો પણ ફટકાર્યો હતો. આ રીતે તેણે ૬૮માંથી ૬૪ રન બાઉન્ડ્રીથી બનાવ્યા હતા.

# ટીમ ઈન્ડિયાને મોટો ફટકો: T20 વર્લ્ડ કપ પહેલા ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાંથી તિલક વર્મા બહાર!



ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની શરૂઆત પહેલા ભારતીય ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ડાબોડી બેટ્સમેન તિલક વર્મા ન્યુઝીલેન્ડ સામે રમાનારી ૫ મેચોની ટી૨૦ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. ટી૨૦ વર્લ્ડ કપની તૈયારીઓ માટે આ શ્રેણી અત્યંત મહત્વની માનવામાં આવતી હતી, પરંતુ તિલક વર્માની ઈજાએ પસંદગીકારોની ચિંતા વધારી દીધી છે.મળતી માહિતી મુજબ, તિલક વર્મા રાજકોટમાં વિજય હઝારે ટ્રોફી રમી રહ્યો હતો. બુધવારે સવારે નાસ્તો કર્યા બાદ તેને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. તેને તાત્કાલિક રાજકોટની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં વિવિધ સ્કેન કરવામાં આવ્યા હતા. રિપોર્ટમાં 'ટેસ્ટિક્યુલર ટોર્સન' (Testicular Trosion) ની પુષ્ટિ થઈ છે, જેના કારણે તેની તાત્કાલિક સર્જરી પણ કરવામાં આવી છે. હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.તિલક વર્મા છેલ્લા એક વર્ષથી ટી૨૦ ટીમનો નિયમિત સભ્ય છે અને તે નંબર ૩ પર બેટિંગ કરવા માટે પ્રબળ દાવેદાર છે. ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી ૨૧ જાન્યુઆરીથી નાગપુર ખાતે શરૂ થવાની છે.બીસીસીઆઈ (BCCI) ના સૂત્રોના જણાવ્યા અનુસાર, તિલક વર્માની સર્જરી સફળ રહી છે. જોકે તે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી ગુમાવશે, પરંતુ એવી આશા રાખવામાં આવી રહી છે કે ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા ટી૨૦ વર્લ્ડ કપના મેગા ઈવેન્ટ સુધીમાં તે પૂરો ફિટ થઈ જશે. હાલમાં પસંદગીકારો ન્યુઝીલેન્ડ શ્રેણી માટે તિલકના રિપ્લેસમેન્ટ તરીકે કોઈ અન્ય ખેલાડીના નામની જાહેરાત કરી શકે છે.



BCCI U૧૫ વન ડે ટુર્નામેન્ટ માટે U15 ગર્લ્સ ટીમમાં જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામના દીકરી ફેની ચૌધરીની ઓલરાઉન્ડ તરીકે પસંદગી કરવામાં આવી છે.

# ખેલ જગત શર્મસાર:નેશનલ લેવલની શૂટરે કોચ પર લગાવ્યો યૌન શોષણનો આરોપ

ખેલ જગતને શર્મસાર કરતી એક ઘટનામાં, ૧૭ વર્ષીય નેશનલ લેવલની નિશાનેબાજ (શૂટર) એ પોતાના કોચ પર યૌન શોષણનો ગંભીર આરોપ લગાવ્યો છે. પીડિતાનો આરોપ છે કે કોચે ગયા મહિને ફરીદાબાદની એક હોટલમાં તેની સાથે આ ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું હતું. પોલીસે આ મામલે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

નોંધાવેલી એફઆઈઆર મુજબ, આ ઘટના ૧૬ ડિસેમ્બરની છે. પીડિતાએ તે દિવસે દક્ષિણ દિલ્હીના તુગલકાબાદ સ્થિત ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જમાં એક રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધો હતો. મેચ પૂરી થયા પછી, કોચે તેને રમતના પ્રદર્શનની સમીક્ષા કરવાના બહાને ફરીદાબાદના સૂરજકુંડ સ્થિત એક હોટલની લોબીમાં બોલાવી, જ્યાં તે રોકાયો હતો. આરોપ છે કે જ્યારે યુવતી ત્યાં પહોંચી, ત્યારે કોચે તેને એમ કહીને પોતાના રૂમમાં આવવા માટે મજબૂર કરી કે ત્યાં વધુ સારી રીતે ચર્ચા થઈ શકશે.




ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે હોટલના રૂમમાં કોચે સગીર ખેલાડીનું યૌન શોષણ કર્યું હતું. એટલું જ નહી, આરોપીએ પીડિતાને ધમકી પણ આપી હતી કે જો તેણે આ વિશે કોઈને જણાવ્યું તો તે તેની કારકિર્દી બરબાદ કરી દેશે અને તેના પરિવારને પણ નુકસાન પહોંચાડશે.

ફરીદાબાદ પોલીસે પીડિતાની માતાની ફરિયાદના આધારે મંગળવારે મહિલા પોલીસ સ્ટેશન (NIT ફરીદાબાદ)માં કેસ નોંધ્યો છે. ઘટના સમયે ખેલાડી સગીર હતી, તેથી પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટની કલમ ૬ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૨) હેઠળ કેસ દાખલ કર્યો છે.પોલીસ હાલમાં હોટલના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે અને હોટલ સ્ટાફ તથા અન્ય સાક્ષીઓના નિવેદનો નોંધી રહી છે. કોલ રેકોર્ડ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓને પણ સુરક્ષિત કરવામાં આવી રહ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "આરોપો અત્યંત ગંભીર છે. અમે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરી રહ્યા છીએ અને તમામ પુરાવા સુરક્ષિત રહે તેની ખાતરી કરી રહ્યા છીએ. ટૂંક સમયમાં જ આરોપીની પૂછપરછ કરવામાં આવશે."

# 'વાસ્તુથી સફળતા તરફ' વિષયે સેમિનાર યોજાયો

## આર્થિક, શારીરિક, સામાજિક અને પારિવારિક સમસ્યાઓનું નિરાકરણ આપણા વૈદિક શાસ્ત્રોમા છે. - શાસ્ત્રી શ્રી ગોંડલિયા મહેશકુમારજી



સુરત, તા.૮

સુરત શહેરના યોગી ચોક - માધવ ફાર્મ ખાતે શ્રી હનુમાન ચાલીસા કથા ચાલી રહી છે. વાત્સલ્ય ધામ જૂનાગઢ, શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી, બુધવારે રાત્રે શાસ્ત્રી શ્રી ગોંડલિયા મહેશકુમારજી દ્વારા "વાસ્તુથી સફળતા તરફ" એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મૂળ વૈદિક સંસ્કૃતિ, આપણી સભ્યતા, આપણી પરંપરા, વાસ્તુશાસ્ત્રના નિયમો, જયોતિષ શાસ્ત્રના સિદ્ધાંતો, પ્રકૃતિના નિયમો અને અન્ય અનેક પાસાઓને આવરી લેતા પ્રશ્નો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બે હજારથી વધારે લોકોએ "વાસ્તુથી સફળતા તરફ" સેમિનારમાં ભાગ લીધો હતો. શાસ્ત્રી શ્રી ગોંડલિયા મહેશકુમારજી એ વધુમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં લોકોના જીવનમાં અલગ અલગ પ્રકારની ઘણી બધી સમસ્યાઓ સર્જાઈ રહી છે, જેનું નિરાકરણ માત્રને માત્ર આપણા જયોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રમાં સમાયેલું છે. આપણા વૈદિક શાસ્ત્રોમાં આપેલા નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરવું તથા આપણા વૈદિક શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી અને ફરજમાં આવે છે. "વાસ્તુથી સફળતા તરફ" સેમિનારમાં નિવાસ સ્થાન અને વ્યવસાય સ્થાનમાં રહેલા મુખ્ય અને મોટા મોટા દોષો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પહેલાના જમાનામાં રાજા મહારાજાઓ મંદિરો અને મહેલો બનાવાવ માટે વાસ્તુશાસ્ત્ર અને જયોતિષશાસ્ત્રના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને કામગીરી કરાવડાવતા હતા. જેથી કરીને જીવનમાં આવતી કોઈપણ પ્રકારની સમસ્યાઓથી મુક્તિ મેળવી શકાય અથવા તો સમસ્યાઓને હળવી બનાવી શકાય. આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં લોકો સુધી આપણા વૈદિક શાસ્ત્રોનું શિક્ષણ પહોચાડવું ખૂબ સરળ રહે છે.

# ડિપ્રેશન એ કિલનિકલ અવસ્થા છે તેનાથી ડરવું નહીં : ડો. મુકુલ ચોક્સી

## ચેમ્બર દ્વારા 'મનોજગત-તમારી સમસ્યાઓનું સમાધાન' વિષય પર વિશેષ ચર્ચા સત્ર યોજાયું

સુરત, તા.૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને તેના વિવિધ પાસાઓ પર જાગૃતિ લાવવા માટે એક વિશેષ ચર્ચા સત્ર- 'મનોજગત-તમારી સમસ્યાઓનું સમાધાન'નું સફળતાપૂર્વક આયોજન તા. ૩ જાન્યુઆરીના રોજ સમૃદ્ધિ, નાનપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી તબીબી નિષ્ણાતો દ્વારા ઉપસ્થિત સભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે દોડધામભરી જિંદગીમાં શારીરિક તકલીફો તરફ પણ ધ્યાન જતું નથી ત્યારે માનસિક સુખાકારી માટેનું આજનું આ સત્ર સમજ વધારી ઉકેલ તરફ આગળ વધવા માટે છે.

જાણીતા મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોકસીએ કહ્યું કે, ડિપ્રેશન એ ક્લિનિકલ અવસ્થા છે, જેમાં કોઇ પણ વ્યક્તિ પાસે ઉદાસી, જીવનમાં રસ ઉડી જવો, ઉશ્કેરાઈ જવું, અનિંદ્રા જેવા લક્ષણો જોવા મળે તેનાથી ડિપ્રેશનનું નિદાન થાય છે. તેના કારણો અસંખ્ય છે. આપણી આસપાસ આવા અસંખ્ય લોકો હશે. ડિપ્રેશનના પણ અનેક પ્રકાર છે, સારી વાત એ છે કે તેમાંથી સારા થઈ શકાય છે, બહાર આવી શકાય છે. મગજના રાસાયણિક ફેરફારોને લીધે તે ગમે તેને થઈ શકે છે. સાઈકિયાટ્રિસ્ટ ડૉ. પલાશ પ્રજાપતિએ કહ્યું કે, શારીરિક અને માનસિક તકલીફો એકબીજાને અસર કરે છે. માનસિક તકલીફમાં શારીરિક લક્ષણો આવી શકે છે. અવ્યક્ત થયેલી ભાવનાઓ બહાર આવવાનો રસ્તો શોધતી હોય છે, જે ઘણી વાર પીડા તરીકે પ્રગટે છે. તેમણે અનિંદ્રાની તકલીફ દૂર કરવા માટેની ઉપયોગી ટિપ્સ આપી હતી. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા અને તેના મહત્વ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ પ્રશ્નોત્તરી સ્વરૂપે યોજાયો, જેમાં ઉપસ્થિત લોકોએ ડિપ્રેશન, મેન્ટલ અને આધ્યાત્મિક સુખાકારી, સપના આવવા, ચિંતા-વિચારો, અનિંદ્રા, બાળકોમાં મોબાઈલ અને ગેઝેટના વધુ પડતા ઉપયોગ, માનસિક રોગોની દવા આજીવન લેવી પડે કે કેમ, જેન ઝીને પજવતી ફોમોની સમસ્યા એ વિશે પ્રશ્નો કર્યા હતા.



# લાડવી આરએમજી મહેશ્વરી હાઈસ્કૂલનો વાર્ષિક મહોત્સવ

સુરત, તા.૮

તારીખઃ - ૪ ,જાન્યુઆરી ,૨૦૨૬ ના રોજ લાડવી ગામ સુરત ની આર.એમ.જી મહેશ્વરી અંગ્રેજી હાઇ સ્કૂલમાં શાળાના વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય વાર્ષિક સમારંભનું આયોજન 'RETRO TO METRO' વિષય પર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાંજે ૬:૦૦ વાગ્યે શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં સૌપ્રથમ માતા સરસ્વતીને માળા પહેરાવી અને દીવો પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સમારંભના મુખ્ય મહેમાન ડૉ. કનનબેન દેસાઇ ડી.સી.પી સુરત ગ્રામીણને એક પુષ્પગુચ્છ આપીને શાળાના સંચાલક શ્રી મેઘરાજ ગાંધીજીના હસ્તગત તેનનું સ્વાગત કરવામાં આવયું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત થઈ. જેમાં નૃત્ય પ્રદર્શન, ગીતો, નાટક અને વાદ્યસંગીત સાથે રજૂ કરવામાં આવ્યા હતા. દરેક પ્રસ્તુતિમાં, વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને રચનાત્મક પ્રતિભાઓ દર્શાવી હતી. પ્રેક્ષકોએ તેમને પ્રશંસા અને તાળીઓના ગડગડાટથી આવકાર આપ્યો હતો. મુખ્ય મહેમાન કનનબેન દેસાઈ જીએ તેમના જુસ્સાદાર શબ્દના પ્રવચનથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. શાળાના સંચાલક શ્રી મેઘરાજજી ગાંધીએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને અભ્યાસમાં સફળ કારકિર્દી માંટે પ્રવચનથી તમામ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. સંચાલક શ્રી મેઘરાજજી ગાંધીએ હર્ષો ઉલ્લાસથી આગામી સત્રમાં છાત્રાલયની સુવિધા સાથે બીજી પાળીની શરૂઆતની જાહેરાત કરતી વખતે ડબલ ઉત્સાહ વધાર્યો હતો.

શ્રી નિર્મલજી ઝંવર અને વિવેકજી ગાંધીએ તેમના જુસ્સાદાર પ્રવચનથી વિદ્યાર્થીઓને ઉત્તેજિત કર્યા. શાળાના સંચાલક શ્રી શ્યામજી ઝંવર, શ્રી રાણેશજી ગાંધી, શ્રી રાકેશજી ગાંધી, શ્રી પવનજી ગાંધી, શ્રી નિર્મલજી ઝંવર અને શ્રી જયેશજી રાજપૂરોહિતે ઉત્સાહમાં વધારો કર્યો. શાળાના આચાર્ય શ્રી સંતોષ અંભુરેજી દ્વારા પ્રસ્તુત વાર્ષિક અહેવાલમાં વર્ષ દરમિયાન સંસ્થાના શૈક્ષણિક અને સહ અભ્યાસક્રમ સિદ્ધિઓનો ખુલાસો કર્યો હતો. આ પછી, ઈનામ વિતરણ સમારંભ થયો હતો, કાર્યક્રમનો અંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દરખાસ્ત સાથે હતો. અંતિમ સમારંભ રાષ્ટ્રીય ગીત સાથે થયું.

# નવસારીમાં 'કરુણા અભિયાન-૨૦૨૬' અંતર્ગત કાર્યશાળા યોજાઈ

## ઉતરાયણ પર્વ દરમિયાન અબોલા પક્ષીઓની સુરક્ષા સંદેશ

નવસારી, તા.૮

નવસારી શહેરમાં આજ રોજ મહાનગરપાલિકા ટાઉનહોલ ખાતે નવસારી સામાજિક વનિકરણ વિભાગ દ્વારા કરુણા અભિયાન–૨૦૨૬ અંતર્ગત એક મહત્વપૂર્ણ માર્ગદર્શક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં ઉતરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને સુરક્ષિત રીતે કેવી રીતે બચાવવા, રેસ્ક્યુ સમયે કઈ સાવચેતી રાખવી, શું કરવું અને શું ન કરવું તેમજ ઘાયલ પક્ષીઓને આપવાની પ્રાથમિક સારવાર અંગે વેટનરી કોલેજ નવસારીના ડો. સૌરભ પરમારે વિસ્તૃત અને વ્યવહારૂ માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ઘાયલ પક્ષીઓ માટે વન વિભાગ દ્વારા ઉપલબ્ધ તાત્કાલિક સંપર્ક વ્યવસ્થા, હેલ્પલાઇન નંબરો તથા સારવાર કેન્દ્રોના સરનામાની માહિતી પણ ઉપસ્થિતોને આપવામાં આવી હતી.

આ અવસર પર નાયબ વન સંરક્ષક નવસારી શ્રીમતી ઉર્વશી આઈ. પ્રજાપતિ તથા મદદનીશ વન સંરક્ષક શ્રી કેયુર પટેલ દ્વારા કરુણા અભિયાન સંદર્ભે વિગતવાર માહિતી આપી હતી તથા વનવિભાગ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ તથા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે કૃષિ યુનિવર્સિટી નવસારીના એસોસિયેટ પ્રોફેસર ડો. જયેશ જેંદેએ માર્ગદર્શન આપ્યું હતું, જેથી નાગરિકો કાયદાની સમજ સાથે જવાબદારીપૂર્વક અને માનવતાભાવથી પક્ષીઓની મદદ કરી શકે.

કાર્યશાળામાં નવસારી જિલ્લાના વિવિધ કોલેજો, શાળાઓ, એનજીઓ, સ્વયંસેવકો તેમજ જાગૃત નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કરુણા અભિયાન–૨૦૨૬ તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૨૬થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને આ સમયગાળા દરમિયાન ઘાયલ પક્ષીઓની સુરક્ષા અને સારવાર માટે વિશેષ વ્યવસ્થાઓ હાથ ધરવામાં આવશે.વન વિભાગે નાગરિકોને અપીલ કરી હતી કે કોઈ પણ ઘાયલ પક્ષી જોવા મળે તો તરત જ ટોલ ફ્રી નંબરો ૧૯૨૬ અને ૧૯૬૨ પર સંપર્ક કરવો, તેમજ ૮૩૨૦૦૦૨૦૦૦ પર 'Hi' ટેક્સ્ટ અથવા મિસ્ડ કોલ આપી નજીકના સારવાર કેન્દ્રની માહિતી મેળવી શકાશે. ઉતરાયણના તહેવાર દરમિયાન માનવતા અને કરુણાભાવ સાથે પક્ષીઓની સુરક્ષા માટે સૌ નાગરિકો સહયોગ આપે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

# તા.૯ થી સુંવાલી દરિયાકિનારે ત્રિ-દિવસીય બીચ ફેસ્ટિવલ

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે બીચ ફેસ્ટિવલને ખૂલ્લો મુકાશે

સુરત, તા.૮

રાજયના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો, વિવિધ બીચોના વિકાસ માટે રાજય સરકાર સક્રિયપણે પ્રયાસ કરી રહી છે, જેના ભાગરૂપે ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી તા.૯ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન સુરત નજીક આવેલા સુવાલીના દરિયાકિનારે ત્રિ-દિવસીય સુંવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬ યોજાશે. બીચ ફેસ્ટિવલને તા.૯મીએ સાંજે ૫.૦૦ વાગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે ખુલ્લો મૂકવામાં આવશે એમ ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ સર્કીટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું.



ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ સુંવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરી દરિયાકાંઠાના પ્રવાસનને પ્રોત્સાહન મળે, સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થાય તથા પ્રવાસી-સહેલાણીઓ મોટી સંખ્યામાં દરિયાકિનારાની મોજ માણે, વેચાણ સ્ટોલધારકોને તથા સ્થાનિકોને રોજી રોટી મળી રહે તે માટે રાજય સરકાર તથા જિલ્લા-તાલુકા વહીવટીતંત્રએ બીચ ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. જેમાં નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, પ્રવાસન રાજયમંત્રી ડો.જયરામભાઈ ગામીત, સાંસદ મુકેશભાઈ દલાલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સુંવાલીના વિકાસ માટે કરવામાં આવેલા વિકાસકામોની વિગતો આપતા કહ્યું કે, ૨૦૧૩ના વર્ષમાં રૂા.૭ કરોડના ખર્ચે સુવાલી તરફ જવા માટેના રસ્તાને ૧૦ મીટર પહોળો કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂા.૨.૨૦ કરોડના ખર્ચે વિશ્રામગૃહના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. રૂા.૪૦ લાખના ખર્ચે ૧૦૦ ફુટની ઉંચાઈ ધરાવતો હાઈમાસ્ટ માસ ટાવર બન્યો છે જે ૪૦૦ વોટની ૧૬ હેલોજનની ક્ષમતા ધરાવે છે. સુંવાલી બીચ માં થી મોરા ગામના મુખ્ય માર્ગ સુધી એ.એમ.એન.એસ. ઈન્ડિયાના સી.એસ.આર.ફંડ અંતર્ગત ૩૫૦ સોલાર લાઈટો તેમજ સુરક્ષા માટે રૂા.૩૦ લાખના ખર્ચે સુંવાલી બીચ પોલીસ વોચ ટાવર અને સુવાલી બીચ પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

ધારાસભ્યશ્રીએ કહ્યું કે, વનવિભાગ દ્વારા રૂા.ચાર લાખના ખર્ચે વન કુટિર તથા ગ્રામ પંચાયત દ્વારા દરિયાકાંઠે ચઢવા- ઉતરવા માટે રૂા.૧૫ લાખના ખર્ચે ત્રણ રેમ્પ બનાવવામાં આવ્યા છે. જયારે જિલ્લા પંચાયતના સહયોગથી રૂા.૨૭ લાખના ખર્ચે શૌચાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. નિર્દિષ્ટ વિસ્તાર હજીરાના અનુદાનમાંથી રૂા.એક કરોડના ખર્ચે દરિયાઈ ખારા પાણીને પીવાલાયક મીઠુ કરવાનો પ્લાન્ટ પણ મંજૂર કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને ડેવલપ કરનાર આર્કીટેક્ટ ફર્મ દ્વારા સુવાલી બીચના ડેવલપમેન્ટ માટેનો સર્વે પણ કરવામાં આવ્યો છે, જે મુજબ આગામી સમયમાં તબક્કાવાર સુવાલી બીચને આધુનિક ઢબે વિકાસ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, તા.૯ થી ૧૧ જાન્યુઆરી સુધી સાંજે ૪.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી ઈચ્છાપોર હાઈવેથી મોરા હાઈવે ચોકડી થઈ ન્થી સુવાલી સુધીનો રૂટ પર વન-વે રહેશે અને ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. સુવાલી જવા-આવવા સહેલાણીઓ માટે ત્રણેય દિવસે ૧૯ રૂટ પર સિટી બસ અને એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યક્રમ સ્થળે અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૮૦૦ જેટલા ટ્રાફિક અને પોલીસ જવાનો ખડેપગે રહેશે. ફાયર બ્રિગેડ, તરવૈયા, એમ્બ્યુલન્સ અને આરોગ્યની ટીમોને સ્ટેન્ડ બાય રહેશે. નોંધનીય છે કે, ઊંટ અને ઘોડેસવારી, ફુડ કોર્ટ, ક્રાફ્ટ સ્ટોલ જેવા કુલ ૧૩૦સ્ટોલ્સ, ફોટો કોર્નર, પતંગબાજી, જીપ સવારી, ટગ ઓફ વોર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણીપીણીનીનો આનંદ માણી શકશે. પ્રેસ કોન્ફરન્સમાં સંયુક્ત માહિતી નિયામકશ્રી એ.બી. મછાર, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા સહિત પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખોલવડ કોલેજમાં ક્લસ્ટર રોજગાર ભરતીમેળો યોજાયો

## ૪૧૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

સુરત, તા.૮

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી-ગાંધીનગર સંચાલિત સુરત અને તાપી જિલ્લા રોજગાર કચેરી અને ખોલવડની આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે કામરેજ સ્થિત ખોલવડ કોલેજના કેમ્પસમાં ક્લસ્ટર રોજગાર ભરતીમેળા યોજાયો હતો.

ભરતીમેળામાં ૨૬ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો. ટેકનિકલ અને નોન-ટેકનિકલ બ્રાન્ચમાં કુલ ૮૪૯ વેકેન્સી જાહેર કરવામાં આવી હતી. રોજગાર ઈચ્છુક ઉમેદવારોમાંથી ૮૦૦થી વધુએ ઓનલાઈન અને ઓફલાઈન રીતે નોંધણી કરાવી હતી, જેમાંથી ૪૧૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલા ઉમેદવારોના ફાઇનલ સિલેક્શન માટે કંપની સ્તરે ઈન્ટરવ્યુ યોજાશે.

ભરતીમેળામાં ફ્લોટેક ટેકનો સ્માર્ટ, એલ એન્ડ ટી ચેરિટેબલ ટ્રસ્ટ, અબાક્સ મેડિટેક પ્રા.લિ., કિરા ડાઈમ ટેક પ્રા.લિ., નાણાવટી ઓટોમોટિવ, આર.એસ. ઓટોમેશન, એક્સિસ બેંક, રાજહંસ ગ્રુપ, હરિકૃષ્ણા એક્સપોર્ટસ, એલ.આઈ.સી., બંધન બેંક સહિતની કંપનીઓએ ભાગ લીધો હતો.

આ ભરતતીમેળામાં કામરેજ તા.પં. પ્રમુખશ્રી રેખાબેન પટેલ, ભારતીય વિદ્યામંડળના પ્રતિનિધિ કેતનભાઈ દેસાઈ, જિલ્લા યુવા વિકાસ અધિકારી કુ. રાધિકાબેન લાઠીયા, સુરત રિજીયન રોજગાર અધિકારી શ્રી સી.જે. દવે, સુરત રોજગાર મદદનીશ નિયામક કુ. પારૂલબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ કેરિયર કાઉન્સેલર શ્રી બિપીનભાઈ માંગુકિયા, ખોલવડ કોલેજના આચાર્ય ડો. નિતીન એમ. શાહ સહિત સમગ્ર અધ્યાપક મંડળ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### અમેરિકામાં અધિકારીએ
પહેલા પાનાનું ચાલુ

ફ્રેએ પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. જેકબે કહ્યું કે ઈમિગ્રેશન એજન્ટો શહેરમાં અરાજકતા ફેલાવી રહ્યા છે.તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "અમે માંગ કરીએ છીએ કે ICE તરત જ શહેર અને રાજ્ય છોડે. અમે અમારા પ્રવાસી અને શરણાર્થી સમુદાયો સાથે મજબૂતીથી ઊભા છીએ."તેમણે કહ્યું કે સુરક્ષાના નામે અરાજકતા ફેલાવવામાં આવી રહી છે. પરિવારો તોડવામાં આવી રહ્યા છે અને હવે લોકો માર્યા પણ જઈ રહ્યા છે.

### બાંગ્લાદેશમાં ચૂંટણી
પહેલા પાનાનું ચાલુ

ઢાકાની કારવાન બજારમાં આવેલ સુપર સ્ટાર હોટેલ પાસે રાત્રે લગભગ ૧-૩૦ વાગ્યે અજાણ્યા હુમલાખોરો ગોળી ચલાવી પલાયન થઈ ગયા હતા. તેમને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

પાર્ટીના સભ્યોએ જણાવ્યું હતું કે, મુસબ્બીરે સાંજે સુપર સ્ટાર હોટેલમાં શરીયતપુરના નિવાસીઓના એક સમૂહ સાથે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાદમાં મુસબ્બીર અને વન શ્રમિક સંઘનો મહાસચિવ સુફિયાન મસૂદ નજીકની એક ગલીમાં ચાલી રહ્યા હતા. ત્યારે બે અજ્ઞાત શખ્સોએ તેના પર ગોળી ચલાવી હતી. જેમાં મસુદ ઘાયલ થયો હતો. મુસબ્બીરની હત્યા બાદ પાર્ટીના કાર્યકર્તાઓએ દેખાવો કર્યા હતા.

### જેએનયુમાં વાંધાજનક
પહેલા પાનાનું ચાલુ

રાષ્ટ્રવિરોધી વિચારધારાનો પ્રસાર છે. જ્યારે કોંગ્રેસે તેને ગુસ્સો વ્યક્ત કરવાની રીત ગણાવી હતી.

૨૦૨૦ના દિલ્હી રમખાણોના ષડયંત્ર કેસમાં ૫ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ ચાર આરોપીઓ ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા-ઉર-રહેમાન બુધવારે રાત્રે દિલ્હીની તિહાર જેલમાંથી મુક્ત થયા. જ્યારે, મોહમ્મદ સલીમ ખાન મંડોલી જેલમાંથી મુક્ત થયો.

પાંચમા આરોપી શાદાબ અહેમદને પણ સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે, પરંતુ તેનો જામીન બોન્ડ દાખલ કરવા માટે તે કોર્ટમાં હાજર થયો ન હતો. જ્યારે, કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

અન્ય એક આરોપી સલીમ મલિક ઉર્ફે મુન્નાએ સમાન આરોપોનો હવાલો આપીને નવી જામીન અરજી દાખલ કરી છે. મોહમ્મદ સલીમ ખાનના સમાન આધારે રાહત માંગી છે.

### ઘર છોડીને
પેજ-૨ પાનાનું ચાલુ

સેન્ટરના સ્ટાફની લાગણીસભર સમજણ અને પ્રેમસભર માર્ગદર્શનના પરિણામે ઘરેથી નીકળી ગયેલી દીકરીનું માતા-પિતા સાથે સુખદ મિલન શક્ય બન્યું. આ રીતે સેન્ટરની ટીમે એક પરિવારને ફરી એકત્રિત કરવાની મહત્વપૂર્ણ સફળતા મેળવી. હાલમા જ્યારે બોર્ડની પરીક્ષા આવી રહી છે, ત્યારે આવા કોઈ પણ વિદ્યાર્થીઓ માટે સખી વન સ્ટોપ સેન્ટર મદદ માટે હંમેશા તત્પર રહેશે. આમ, મહિલા અને બાળ અધિકારીશ્રી આર. એન. ગામીત અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ સલામત રીતે દીકરીનું પરિવાર સાથે સુખદ મિલન કરવાનાર સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફની સરાહનીય કામગીરી બદલ દીકરીના માતા-પિતાએ સેન્ટરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### રાજનીતિનું
પેજ-૨ પાનાનું ચાલુ

ગણિત માત્ર રાજનીતિ નથી ચલાવતું પણ ડેસ્ટીની અને એથિક્સથી પણ રાજનીતિ ચાલે છે, જે ગણિતથી પણ ઉપર છે.

આ કાર્યક્રમમાં સુરત શહેરના માજી મેયર શ્રી ફકીરભાઈ ચૌહાણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, હવે રાજનીતિ રહી નથી, રાજકારણ બાકી છે.ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### રાજ્ય કક્ષા
પેજ-૨ પાનાનું ચાલુ

સેવા આપી રહ્યા છે, જેમના સંસ્કાર, પ્રોત્સાહન અને સહયોગથી આ સફળતા શક્ય બની છે.

એરીકની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ શાળા પરિવાર, શિક્ષક સમુદાય, કોચ તથા રમતપ્રેમીઓ દ્વારા અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સોફ્ટ ટેનિસમાં ભરૂચ જિલ્લાને ગૌરવઃ શિક્ષક દંપતિના પુત્ર એરીક પરમારે ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાએ બે ગોલ્ડમેડલ જીત્યા.

### સુરત મહાનગરપાલિકા
છેલ્લા પાનાનું ચાલુ

નોટીસ આપીને મનપાનું તંત્ર કોને બચાવવાના પ્રયાસ કરી રહયું છે. આ સમગ્ર કૌભાંડની નિષ્પક્ષ તપાસની માંગણી દર્શન કુમાર નાયકે કરી છે. મનપા દ્વારા નાના કર્મચારી અધિકારીઓને નોટીસ આપીને આ સમગ્ર મામલામાં કોની સંડોવણી છે ? કોના ઈશારે કચરો ૭૦ કિ.મી દુર ઠાલવવામાં આવતો હતો તેની નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે. આ બાબતે ગંભીરતા દાખવીને તાત્કાલિક અસરથી જવાબદાર અધિકારી પદાધિકારી સામે પગલા લેવામાં આવે તેવી સુરત શહેર જિલ્લાના નાગરીકો વતી કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન કુમાર નાયકની માંગણી છે.

### સુરતમાં ઠંડી

ઠંડીની થોડી અસર જોવા મળી રહી છે. સાંજ પડતા જ ઠંડા પવનો નિકળતા મધ્યરાત્રિએ પણ તાપમાન નીચે જતા શહેરીજનો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

### ઉચાપત

તલાટી અને સરપંચની હોય છે. ઉપસરપંચ પાસે નાણાકીય વહીવટની સીધી સત્તા હોતી નથી. માત્ર સહ-આરોપીના નિવેદનના આધારે તેમને આરોપી બનાવી શકાય નહીં. આ દલીલોને ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે મનોજ પટેલના જામીન મંજૂર કર્યા છે.ચ

# સ્વાભિમાન પર્વની ઊજવણી નિમિતે ચાલો સોમનાથ!

ભારતમાં આવેલા ૧૨ શિવ જ્યોર્તિલિંગોમાંનું એકલા સોમનાથ ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું ભવ્ય મંદિર છે. ભગવાન શિવના ૧૨ પવિત્ર જ્યોર્તિલિંગમાનું પ્રથમ જ્યોતિર્લિંગ અહીં સોમનાથમાં છે. સોમનાથનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ થયો છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી ઈસ્લામીક આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જયારે જયારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે, ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે!

ખેર, નામ ઉત્પત્તિઃદંતકથા અનુસાર, સોમ એટલે ચંદ્ર ભગવાને સોનાનું, રાવણે ચાંદીનું અને શ્રી કૃષ્ણે ચંદન ના લાકડાનુ મંદિર બાંધ્યું હતું! ચંદ્રદેવને ૨૭ પત્નીઓ હતી જેને આપણે આજે ૨૭ નક્ષત્રોના નામોથી ઓળખીએ છીએ. તે બધી દક્ષ પ્રજાપતિની પુત્રીઓ હતી. તેમાંથી રોહિણી નામવાળી પત્ની સાથે ચંદ્ર સદાય પ્રેમમગ્ન રહેતા. બાકીની ૨૬ પત્નીઓ કે જે સગી બહેનો હતી તે પતિ વિયોગે ઉદાસ રહેવા લાગી. એક દિવસ પિતા દક્ષ દીકરીઓનું દુઃખ જાણીને દુભાયા અને જમાઈ ચંદ્રને આજ્ઞા કરી કે દરેક પત્ની સાથે સરખો પ્રેમભાવ રાખવો. પણ ચંદ્રે વડીલની આજ્ઞા અવગણી. આથી દક્ષરાજે ક્રોધે ભરીને તેમને "ચંદ્ર તારો ક્ષય થાય." એવો શ્રાપ આપ્યો.. આથી પ્રજાપિતા બ્રહ્માની સલાહથી સૌથી પ્રિય પત્ની રોહિણી સાથે ચંદ્રએ આ સ્થળે 'પ્રભા' પાછી મેળવવાની આશા સાથે પ્રભુ શિવનું ધ્યાન કર્યું ને તપસ્યા કરી. તેણે આ ક્ષેત્રમાં શિવજીની મહામૃત્યુંજય મંત્રથી પૂજા કરી હતી.તપથી પ્રસન્ન થયેલા શિવ શંકરના અનુગ્રહથી ચંદ્રનો શ્રાપમાંથી આંશિક છૂટકારો થયો. ત્યારથી શિવજીની કૃપાથી ૧૫ દિવસ સુધી વધતો (સૂદ અથવા કૃષ્ણ પક્ષ) અને પછી ૧૫ દિવસ ઘટતો (વદ અથવા શુકલ પક્ષ) ચંદ્ર થાય છે! ભગવાન શિવના ૧૨ પવિત્ર જ્યોર્તિલિંગોમાંનું એક અહીં સોમનાથમાં છે. શિવપુરાણના ૧૩મા અધ્યાયમાં પણ સોમનાથ મંદિરનો ઉલ્લેખ છે. મંદિરનું પુનઃનિર્માણ ભૂતકાળમાં અનેક મુસ્લિમ આક્રમણકારો અને શાસકો દ્વારા વારંવાર વિનાશ બાદ કરવામાં આવ્યું હતું, ખાસ કરીને ૧૧મી સદીમાં મહમૂદ ગઝનીના હુમલાથી શરૂ થયું હતું!મધ્ય કાલીન યુગમાં સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. ઈ.સ. ૬૪૯ની સાલમાં વલ્લભીવંશના શાસક રાજા મૈત્રકે પહેલાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના સ્થાને બીજું મંદિર બનાવ્યું. આ સમય સને ૪૮૭ થી ૭૬૭ સુધીનો ગણાય છે. પરમારોના એક શિલાલેખ મુજબ માળવાના ભોજ પરમારે અહી મંદિર બંધાવ્યું હતું. આ મંદિર ૧૩ માળ ઊંચું હતું અને મંદિરના દ્વાર હીરાજડિત હતા. તેના ઉપર ૧૪ સુવર્ણ કળશો વિરાજમાન હતા. તેની ઉંચે ફરકતી ધજાથી નાવિકો તેને સોમનાથનું મંદિર પિછાણી તે તરફ વહાણો હંકારતા. ઈ.સ. ૭૫૫ માં વલ્લભી સામ્રાજ્યના પતન સાથે આરબ આક્રમકોએ સોમનાથનું પતન કર્યું. સિંધના અરબ શાસક જૂનાયદે તેની સેના લઈ મંદિર પર હુમલો કરી મંદિરનો નાશ કર્યો હતો. પ્રતિહાર રાજા નાગ ભટ્ટ બીજાએ ૮૧૫માં ત્રીજી વખત લાલ પથ્થર (રેતીયો પથ્થર) વાપરી મંદિરનું નિર્માણ કર્યું હતું,આદિ ઈત્યાદી! ઈતિ કથા!અસ્તુ વાર્તા!જય હો સોમનાથજી મહાદેવ દાદા!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૦૮ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫




## રાંદેરમાં શાકભાજી વેચતો યુવાન રૂા.૫૩ હજારના ડ્રગ્સ સાથે પકડાયો

### નઝીલ ઉર્ફે નાઝીલ રસીદ સૈયદની ધરપકડ કરતી રાંદેર પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૮**

રાંદેર તાડવાડી શાકમાર્કેટ નજીક જાહેર રસ્તા પરથી રાંદેર પોલીસે બાતમીને આધારે રાંદેર કબુતરખાના વિસ્તારમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા ૩૦ વર્ષિય યુવકને ૫૩ હજારના વેચાણ માટે લવાયેલા એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ રોકડ તેમજ બેંક ઓફ બરોડાનું ડેબીટ કાર્ડ મળી કુલ રૂ.૯૫ હજારની મત્તા કબ્જે કરી હતી.

રાંદેર પોલીસ મથકના પીએસઆઈ બી.જી.વસાવાએ બાતમીને આધારે ગઈકાલે રાત્રિના સવા આઠ વાગ્યાની આસપાસ રાંદેર તાડવાડી શાકભાજી માર્કેટમાંથી નઝીલ ઉર્ફે નાઝીલ રસીદ સૈયદ ઉ.વ.૩૦ (રહે. બુસરા એપાર્ટમેન્ટ, કબુતરખાનાની પાસે, રાંદેર)ને ૧૭.૭૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. નઝીલની પુછપરછ કરતા તેણે કબુલ્યું હતું કે, આરોપી ઉઝેફ શેખ પાસેથી તે શહેરમાં છુટક વેચાણ કરવા માટે મેફેડ્રોન લાવ્યો હતો. ઉઝેફ શેખ સાથે શોએબ નામનો યુવાન પણ આ કેસમાં સંડોવાયેલો હોય પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકનો આરોપ

## સુરત મહાનગર પાલિકાનો ઘનકચરો વેચવાનું રૂા.૨૦૦ થી ૨૫૦ કરોડનું કૌભાડ

### સુરતથી ૭૦ કિમી દૂર મહુવાના કાંકરિયા ગામે કચરો ઢાલવવાના પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ યોજવાની માગણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

સુરત જિલ્લાના મહુવા તાલુકાના કાંકરીયા ગામે કચરો ડમ્પિંગ કરવાના કૌભાંડમાં મનપાનાં સોલિડ વેસ્ટ વિભાગના ત્રણ કર્મચારીઓને શો-કોઝ નોટીસ આપીને આ આખા કૌભાંડ પર જાણે પડદો પાડી દેવાનો પ્રયાસ થઈ રહ્યો હોય સુરત શહેર અને જિલ્લાનાં લોકોની માંગણીને અનુસંધાને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે આ અંગે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. માત્ર નાના કર્મચારીઓને નોટીસ ફટકારી કૌભાંડના મુળ સુધી પહોંચવામાં નહીં આવે તો સ્વચ્છ સુરત સ્વચ્છ ભારતની વાતો માત્ર કાગળ ઉપર રહી જશે. અંદાજે ૨૦૦ થી ૨૫૦ કરોડના આ કૌભાંડમાં દર્શનકુમાર નાયકે પ્રશ્નો ઉભા કર્યા છે કે, કોના ઈશારે અને કોની રહેમ નજર હેઠળ સુરત મહાનગર પાલિકાથી ૭૦ કિ.મી દુર કચરો ઠાલવવામાં આવતો હતો અને જમીની પ્રદુષણ ફેલાવાતું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી (એડવોકેટ) દર્શનકુમાર નાયકે એક નિવેદનમાં જણાવ્યું છે કે, સુરત જિલ્લાના મહુવા તાલુકાના કાંકરીયા ગામે કચરાના કૌભાંડ અનુસંધાનમાં લોકો દ્વારા મને રજુઆત કરવામાં આવતા તેની ગંભીરતા સમજીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા બદલ મુખ્યમંત્રી, સુરત મહાનગર પાલિકાનાં શહેરી વિકાસ વિભાગ, કલેક્ટર, જીપીસીબી સહિત અલગ-અલગ સ્તરે રજુઆતો કરવામાં આવતા આ અંગે સુરત મહાનગર પાલિકા દ્વારા સોલિડ વેસ્ટના કોન્ટ્રાક્ટર લેનારને ૧૦ લાખનો દંડ તેમજ ગઈકાલે સોલિડ વેસ્ટનાં ૩ અધિકારીઓનો કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. આ નોટીસ આપીને આ સમગ્ર પ્રકરણ પર પડદો પાડી દેવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. વાત આટલેથી અટકી જતી નથી. નાના કર્મચારીને

અનુસંધાન પાના ૭ પર

## વેપારી પાસેથી માલની ખરીદી કરી બાકી પેમેન્ટનો ઉલાળીયો

### ખટોદરાના વેપારી સાથે રૂા.૧૩.૫૧ લાખની છેતરપિંડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૮**

ખટોદરાની આનંદ ઈન્ડસ્ટ્રીયલમાં કાપડનો વેપાર કરતા વેપારી પાસેથી મુંબઈ કાંદીવલી વેસ્ટના બે વેપારીઓએ રૂ.૩૦ લાખની ટી-શર્ટો મંગાવી પેમેન્ટ પેટે રૂ.૧૬.૯૨ લાખ ચુકવી બાકીના રૂ.૧૩.૫૧ લાખનું પેમેન્ટ નહીં કરી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ ગઈકાલે ખટોદરા પોલીસ મથકે નોંધાઈ હતી.

ખટોદરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરાછા એ.કે.રોડ મણીનગરમાં રહેતા નરેશ બાબુભાઈ રબારી ઉ.વ.૪૭ ખટોદરા આનંદ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં ખાતા નં.૩૦/૩૧માં કાપડનો વેપાર કરે છે. દરમિયાન ગઈ તા. ૨૩-૧૦-૨૦૨૩થી તા.૭-૨-૨૦૨૪ના સમયગાળામાં મુંબઈ કાંદીવલી વેસ્ટ બંદર પાખડી રોડ પાસે રહેતા રશ્મીન રજનીકાંત શાહ અને પ્રવણ શાહે રૂ.૩૦.૪૪ લાખનો ટી-શર્ટનો માલ મંગાવ્યો હતો. જેના પેમેન્ટ પેટે માત્ર ૧૬ લાખ ચુકવી બાકીના રૂ.૧૩ લાખ ચુકવ્યા ન હતા. અવાર-નવાર ઉઘરાણી છતાં પેમેન્ટ નહીં આપતા આ અંગે ગઈકાલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.




**રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના ૪૧માં જન્મ દિવસ નિમિતે આજે ઉમરા ખાતે આવેલા સુરત મનપાના કોમ્યુનિટી હોલમાં સેવા સેતુ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં વિધવા તથા જરૂરિયાતમંદ મહિલાઓને સહાય કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : હનીફ મલેક)**

## સુરતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું તાપમાન એક ડિગ્રી ગગડ્યું

### સુરતમાં દરોરજ તાપમાનમાં થતો વધારો-ઘટાડો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

જાન્યુઆરી મહિનાની શરૂઆતથી શહેરમાં તાપમાનનો પારો ગગડવાની શરૂઆત થતા વિતેલા ત્રણ દિવસથી સવારના સમયે લઘુત્તમ તાપમાનમાં ૧-૧ ડિગ્રીની વધ ઘટ થઈ રહી છે. ત્યારે ગત મોડી સાંજથી ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૬ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે મોડી રાત્રિ થતા તાપમાનનો પારો નીચો ગયો હતો. આજે વહેલી સવારે ધુમ્મસ છવાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાનનો પારો ૧ ડિગ્રી ઘટતા ઠંડીની અસર વર્તાઈ હતી. લોકોએ ગરમ વસ્ત્રોના સહારો લેવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, શહેરનું મહત્તમ તાપમાન પણ ગઈકાલે ૨ ડિગ્રી ગગડતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. મહત્તમ તાપમાન ૨૮ સેલ્યિસ ડિગ્રી દર્જ થયું હતું.

સુરત હવામાન વિભાગ પાસેથી પ્રાપ્ત આંકડાકીય વિગત પ્રમાણે મંગળવારે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. બુધવારે સવારે ૧ ડિગ્રી વધીને ૧૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. દરમિયાન આજે સવારે ફીર લઘુત્તમ તાપમાનનો પારો ૧ ડિગ્રી ઘટીને ૧૫ સે.ડિગ્રી નોંધાયો હતો. દિવસ દરમિયાન પણ બે ત્રણ દિવસથી ધુમ્મસ છવાયેલું વાતાવરણ રહેવા સાથે દિવસે પણ

અનુસંધાન પાના ૭ પર

## પત્નીને પોલેન્ડ લઈ જવાનું કહી પતિએ પર સ્ત્રી સાથે સંસાર માંડ્યો

### પતિ દ્વારા માનસિક-શારીરિક ત્રાસ અપાતા પતિની ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૮**

સિંગણપોર વિસ્તારમાં રહેતા પતિ સહિત સાસરીયાઓ સામે પરિણીતાએ દહેજ પ્રતિબંધક ધારા હેઠળ તેને કરીયાવર મુદ્દે શારીરિક માનસિક ત્રાસ આપી લગ્ન બાદ પતિએ પોલેન્ડ લઈ જવાનું કહી અન્ય સ્ત્રી સાથે સંબંધો રાખ્યા હોવાની ફરીયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

મહિલા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સને ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં લગ્ન કરનાર પરિણીતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં સિંગણપોર રોડ શિવદર્શન રો હાઉસમાં રહેતા પતિ કર્તવ્ય સુમનભાઈ ઉનાગર, સાસુ ભાવનાબેન, સસરા સુમનભાઈ સહિત કાકી સાસુ અને કાકા સસરા સામે મહિલા પોલીસ સ્ટેશનમાં દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધાવ્યો છે. લગ્ન બાદ પતિ અને સાસરીયાઓ પરિણીતાને શારીરિક માનસિક ત્રાસ આપીને પરિણીતાનો પગાર લઈ લેવા સાથે તેને પિયરેથી કરીયાવર લાવવા દબાણ કરી લગ્ન બાદ પોલોન્ડ લઈ જવાની વાત કરનાર પતિ સાથે નહીં લઈ જઈ અન્ય સ્ત્રી સાથે સંબંધો રાખ્યા હતા.

સિંગણપોરની પરિણીતાએ પોલીસમાં પતિ વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદમાં પોલેન્ડ ગયેલા પતિએ પરસ્ત્રી સાથે સંબંધો કેળવ્યા હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પરિણીતાની ફરિયાદ નોંધી પોલીસ હાલ પોલેન્ડ ખાતે રહેતા પતિ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## મધદરિયામાં ડિઝલ ચોરી કાંડમાં અજીત સહિતના આરોપીઓ ફરાર

### વર્ષોથી ચાલતા કૌભાંડના મુળ સુધી પહોંચવા એસઓજી પોલીસે કમર કસી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

તાપી નદીની મધ્યે કીડિયા ટાપુ પર ચાલતાં ડીઝલ ચોરી કૌભાંડમાં સુરત એસઓજીએ માસ્ટર માઈન્ડ ગણાતા અજીત પટેલ અને તેની ટોળકી સામે ગુનો નોંધી તમામ આરોપીઓને સકંજામાં લઈ લેવા એસઓજી પોલીસે કમર કસી લીધી છે. વર્ષોથી ચાલતા આ ડીઝલ ચોરી કૌભાંડને સુરત એસઓજીએ ઉઘાડી પાડ્યા બાદ હંમેશાથી સ્થાનિક પોલીસ આ ડીઝલ ચોરી કૌભાંડ પર ઢાંકપિછોડો કરતી હોય તેવી આશંકાએ ભારે ચર્ચા જગાવી છે.

સ્થાનિક પોલીસે અગાઉ ડીઝલ ચોરીના કૌભાંડીઓ સામે હળવાશથી લીધેલી તપાસને કારણે કૌભાંડીઓ ફરીથી બિન્દાસ્તપણે ડીઝલ ચોરીનો ગોરખધંધો શરૂ કરી દેતા હતા. પરંતુ આ વખતે ડીસીપી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ એસઓજીએ આ ડીઝલ ચોરી કાંડ પકડવામાં એન્ટ્રી કરતા મુખ્ય સૂત્રધાર અજીત પટેલ અને રાજેશ સહિતની તેમની ટોળકીમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ચર્ચા મુજબ ડીઝલ માફિયા અજીત પટેલે મોટા માથાઓને વચ્ચે નાંખીને પણ પોતાને કાયદાના સકંજામાંથી બચાવવા ભારે ધમપછાડા કર્યા હતા. પરંતુ ડીઝલ માફિયા અજીત પટેલ અને તેની ટોળકી સામે પોલીસે ડીઝલ ચોરી, છેતરપિંડી અને ગેરકાયદે સંગ્રહને લગતી કલમો અંતર્ગત ગઈ કાલે રાત્રે ફરિયાદ નોંધવામાં આવી હતી.

સુરત એસઓજી પોલીસે ૫ દિવસ અગાઉ રેડ કર્યા બાદ ફરીથી ગઈ કાલે તાપી નદીના મધ્યે કીડિયા બેટ પર રેડ કરી ત્રણ હોડીમાં છુપાવવામાં આવેલો પોણા ૮ લાખથી વધુની કિંમતનો ચોરી કરાયેલ ડીઝલનો જથ્થો કે જે સંગ્રહ કરીને રાખ્યો હોય તે પકડી પાડ્યો હતો. ત્યારબાદ પોલીસે આ કાંડના માસ્ટર માઈન્ડ ડુમસના અજિત પટેલ, ગવિયરના રાજેશ, તેજસ લાલજી પટેલ, ભરત ખલાસી, મનીષ પટેલ સહિતના કૌભાંડીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. સુરત એસઓજી પીઆઈ અતુલ સોનારાએ જણાવ્યું હતું કે, ફરીયાદ નોંધાવ્યા બાદ આરોપીઓને ઝડપી પાડવાના ચક્રોગતિમાન શરૂ કરી દીધા છે. આ કૌભાંડના મૂળ સુધી પહોંચીને એક પણ કૌભાંડીઓને છોડવામાં નહી આવશે તેવું તેઓએ જણાવ્યું હતું.



## ગોડાદરામાં 'આપ'ની જન સભા પૂર્વે વૈમનસ્યતા ફેલાવવાનો પ્રયાસ

### 'આપ' અગ્રણીઓએ મધરાત્રે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

**સુરત, તા.૦૮**

સુરતના ગોડાદરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીની પરિવર્તન જનસભા થવા જઈ રહી છે, જેને લઈ ભાજપ બોખલાઈ ગયું છે. ભાજપના નેતા સાથે ઘરોબો ધરાવનારા લોકોએ ખોટા ફોટા સાથે આમ આદમી પાર્ટીના બેનરો પ્રિન્ટ કરી આ વિસ્તારમાં લગાવ્યા અને પછી પોતે લગાવેલા બેનર પર જ કાળી શાહી લગાવી વિરોધ કર્યો હતો. આ મામલે આમ આદમી પાર્ટીના અગ્રણીઓની ટીમ મધરાતે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા માટે પહોંચી હતી. ત્યારે આમ આદમી પાર્ટી સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે આજે આમ આદમી પાર્ટીની જનસભા થવા જઈ રહી છે ત્યારે ભાજપ સાથે જોડાયેલ અમુક અસામાજિક તત્વોએ આમ આદમી પાર્ટીની જનસભાના બેનરોની કોપી મારી, પોતાની રીતે બેનરો બનાવી, અમારા નેતાઓના માથા પર ટોપી લગાવી લોકોને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા છે. આ વિસ્તારમાં વૈમનસ્યતા ફેલાવવાના પ્રયાસ સાથે સોશિયલ મિડિયામાં ખુલ્લેઆમ ધમકી આપી કે જેવી રીતે દર વર્ષે રાવણને બાળવામાં આવે છે, એવી જ રીતે અમે આવતીકાલે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલભાઈ ઇટાલીયા અને અન્ય નેતાઓનો વિરોધ કરીશું.

AAP નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે અમને સમજાતું નથી કે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા લિંબાયત વિસ્તારના અને આ ચોર્યાસી વિસ્તારના લોકોને આટલી બધી વૈમનસ્યતા ફેલાવવાનો અધિકાર કોને આપ્યો? ગુરુવારે ૮ તારીખે સાંજે ૮:૦૦ વાગે ગોડાદરા વિસ્તારના ખોડીયાર ચોક સાથે પરિવર્તન જનસભા કરવા જઈ રહી છે, તેથી અહીંના ધારાસભ્યો અને કોર્પોરેટરોના પેટમાં તેલ રેડાયું છે. ભાજપના લોકો જાણે છે કે આ વિસ્તારમાં રહેતા અલગ અલગ સમાજના લોકો આમ આદમી પાર્ટીની સભામાં જવાના છે તેથી સભાને રોકવા, સભાને ડિસ્ટર્બ કરી લોકોમાં ભયનો માહોલ ફેલાય તેવા આશયથી અમુક અસામાજિક તત્વોએ વૈમનસ્યતા ફેલાવવાના પ્રયાસો કર્યા છે.

## ઉચાપત કેસમાં પૂર્વ ઉપસરપંચ મનોજ પટેલના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૮**

ઈચ્છાપોર ગ્રામપંચાયતમાં વર્ષ ૨૦૧૪માં થયેલી ૨૮.૮૫ લાખની નાણાકીય ઉચાપતના આરોપસર જેલમાં બંધ તત્કાલીન ઉપસરપંચ મનોજ ભગુ પટેલની જામીન અરજી કોર્ટે મંજૂર કરી હતી. ઈચ્છાપોર ગ્રામપંચાયતના વેરાના તેમજ પંચાયતની આવકના રૂ.૨૮,૮૫,૭૯૦ નાણાની ઉચાપત અને ગેરરીતિ આચરવાના આરોપસર મનોજ પટેલ વિરુદ્ધ વર્ષ ૨૦૧૪ માં ગુનો દાખલ થયો હતો. જોકે વર્ષ ૨૦૧૪થી સ્ટે હેઠળ રહેલી આ તપાસ ૨૦૨૫માં ફરી શરૂ થતા પોલીસે ધરપકડનો દોર શરૂ કર્યો હતો. હાઈકોર્ટમાં બચાવ પક્ષના એડવોકેટ અજેન એ. પટેલ દ્વારા જામીન અરજી કરાઈ હતી. જેમાં દલીલો કરવામાં આવી હતી કે, પંચાયતના હિસાબો રાખવાની અને રોજમેળમાં નોંધ કરવાની પ્રાથમિક જવાબદારી

અનુસંધાન પાના ૭ પર

